Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૬ મું. સંવત ૨૦૦૪.
આત્મ સં. ૫૩
અંક ૧ લો. શ્રાવણ



વાર્ષિક લવાજમ રૂા. ૩-૦-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા,
ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


૧ સાધારણ જિન સ્તવન ... ... ... ( મુનિ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) ૧
૨ નૂતન વર્ષનું મંગળમય વિધાન ... ... ... ... ( ફતેચંદ જવેરભાઇ ) ૨
૩ બૌદ્ધદર્શનસંમત્ત અહિંસાનું સ્વરૂપ... ... ( મુનિરાશ્રી જંબૂવિજયજી મહારાજ ) ૭
૪ સુખી કેમ થવાય ... ... ... ( આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) ૧૨
૫ આ પર્યુષણ મહાપર્વ કઇ રીતે ઉજવશો. ... ... (મુનિ ન્યાયવિજયજી [ત્રિપુટી] ) ૧૬
૭ વર્તમાન સમાચાર ... ... ... ... ... ... ( સભા ) ૨૪૧


## શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને નમ્ર સુચના

ગયા અશાડ માસના અંકમાં જણાવ્યા પ્રમાણે આ બે વર્ષની ભેટની બુક " શ્રી કાવ્ય સુધાકર " ગ્રંથ ( કિંમત રૂા. ૨-૮-૦ ) જે એક કાવ્ય સાહિત્યનો સુંદર કૃતિનો ગ્રંથ છે, તે અમારા માનવંતા ગ્રાહકોને લવાજમ પુરતા પોસ્ટ સહિત વી. પી. મોકલાઇ ગયેલ છે, જેઓએ તે સ્વીકારેલ છે તેઓને ધન્યવાદ આપીએ છીએ. પરંતુ કેટલાક ગ્રાહકોએ બે વર્ષ-એક વર્ષના બધા અંકો રાખી, વી. પી. પાછુવાળી જ્ઞાનખાતાને નાહક નુકસાન કરેલ છે; એટલું જ નહિં પરંતુ પત્ર લખી જણાવે છે કે આત્માનંદ પ્રકાશ મોકલશો નહિં. આવા ગ્રાહક માટે દિલગીર છીએ. બારે માસના અંકો રાખી લવાજમ વસુલ કરવા વી. પી. મોકલ્યું તે પાછું મોકલ્યું અને લવાજમ સંબંધી હકીકત " જાણે કંઇ જાણતા નથી " તે ગેપ કરી જાય છે. જેથી લેણું-લવાજમ નહિં મોકલે તો તેઓ જ્ઞાન ખાતાના દોષને પાત્ર રહેશે.

આત્માનંદ પ્રકાશના ગ્રાહક તરીકે નહિં રહેવા જણાવનારને ફરી મોકલવામાં આવતું નથી.

**હવે પછી ૪૬ વર્ષનો પ્રથમ અંક તા. ૧-૯-૧૯૪૮ ના રોજ પ્રગટ થશે ચાલુ ગ્રાહક ન રહેવું હોય તેમણે અમોને પત્ર દ્વારા જ જણાવવા તસ્દી લેવી.**

---

### છપાય છે.

**૪ કથારત્નકોષ ગ્રંથ**—શ્રીમાન્ દેવભદ્રાચાર્ય મહારાજે ( સંવત ૧૧૫૮ માં પ્રાકૃત ભાષામાં રચેલો છે, જેમાં સમ્યકૃત્વ આદિ તેત્રીશ સામાન્ય ગુણો અને પાંચ અણુવ્રત આદિ વિશેષ ગુણોને લગતા ૫૦ વિષયો સાથે તેની મૌલિક, સુંદર પઠનપાઠન કરવા જેવી કથાઓ વાચકોની રસવૃત્તિ આખો ગ્રંથ વાંચતા નિરસ ન કરે તેવી સુંદર રચના આચાર્ય મહારાજે કરી છે. આ ગ્રંથમાં આવેલ ગુણોનું સ્વરૂપ, તેનું વિવેચન, તેને લગતા ગુણદોષો, લાભ-હાનિતું નિરૂપણ, આચાર્ય મહારાજે એવી સુંદર પદ્ધતિ-સંકલનાથી કર્યું છે કે જેથી આ ગ્રંથની અનુપમ, અમૂલ્ય અપૂર્વ રચના બનેલ હોવાથી તે અપૂર્વ સાહિત્ય ગ્રંથ ગણાયો છે. આ સુંદર ગ્રંથ મૂળ અમોએ પ્રસિદ્ધ કર્યો છે, જેની મૂળ કિંમત રૂા. ૮-૮-૦ છે. જેનું આ સરલ શુદ્ધ ભાષાંતર પણ સાક્ષરવર્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજની દેખરેખ નીચે થયેલ છે. તે ગ્રંથના પાના શુમારે પાંચસેંહ ઉપરાંત થશે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૪. શ્રાવણ પુસ્તક ૪૬ મું.

વિક્રમ સં. ૨૦૦૪. :: તા. ૧ લી સપ્ટેમ્બર ૧૯૪૮ :: અંક ૧ લો

## સાધારણ જિન સ્તવન.

( રાગ—નાચો નાચો પ્યારે મન કે મોર. )

ગાઓ ગાઓ પ્યારે જિનરાજ,
મેરે શિર કે પ્રભુ શિરતાજ. ગાઓ. ટેક.

તૃષ્ણાકા પ્રભુજી કરતા હય અંત,
ગાઓ સબ સંત, જ્ઞાની મહંત;
ભવિજનકા જિનવરજી કરતા હય કાજ. ગાઓ૦ ૧

પ્રભુ શાસનકા ધન, હોતા પ્રસન્ન;
જીસકે દિલમેં હય શાસનકી દાઝ.
ભવિજનકા જો હય પ્યારે મહારાજ. ગાઓ૦ ૨

**અજિત** જ્ઞાની, સાચા સુકાની;
શિવ**લક્ષ્મી**કેરા સાચા હય દાની.
રખો જિન દેવા ! સેવકકી અબ લાજ. ગાઓ૦ ૩

રચયિતા—**મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# " नूतन वर्षनुं मंगलमय विधान. "

## પ્રકાશનું આંતરદર્શન.

**રાજનૈતિક**, સામાજિક, કેળવણીવિષયક અને આધ્યાત્મિક વાતાવરણવાળા સમગ્ર વિશ્વના પરિવર્તનના સંક્રાંતિકાળે **આત્માનંદ પ્રકાશ પત્ર**, ચાર દષ્ટાંતથી નિષ્કર્મ બનેલા **સિદ્ધ** પરમાત્માને નમન કરી, સ્વ૦ આ૦ મ૦ શ્રી વિજયાનંદસૂરિજી ( શ્રી **આત્મારામજી** મહારાજ ) કે, જેમના ઉભય પવિત્ર નામોનાં સમન્વય કરી પ્રસ્તુત આ સભાનો બાવન વર્ષ પહેલાં મંગલ આરંભ થયો હતો તેમજ જે મહાન્ આત્માની પ્રતિકૃતિ પ્રસ્તુત મુખપૃષ્ઠ ઉપરથી જૈન જગત ઉપર ક્ષાત્રતેજ અને આધ્યાત્મિક તેજનાં કિરણો વિસ્તારી રહી છે, તેમને પ્રણામ કરી ઉપમિતિભવપ્રપંચા કથાકારની જે **સમતારૂપ યોગનલિકા** વર્ણવેલી છે તેમજ સ્વ૦ શ્રી **વીરવિજયજી** મહારાજે સાતાવેદનીય કર્મની પૂજામાં જ્ઞાનીગમ્ય રૂડી યોગનલિકા તરીકે જેનો ઉલ્લેખ કરેલો છે તેનું સ્મરણ કરી, જે વાસ્તવિક રીતે વિશ્વધર્મ છે, અન્ય દર્શનોના સિદ્ધાંતો જેના નિર્ઝરણાંરૂપ છે–તે જૈન ધર્મને નમસ્કાર કરી, એ રીતે દેવગુરુધર્મના મંગલમય તત્ત્વોને પ્રણામ કરી, આજના મંગલમય પ્રભાતે ૪૯ મા વર્ષમાં **આત્માનંદ પ્રકાશ** પ્રવેશ કરે છે. પ્રવેશ કરતાંની સાથે આત્મગત પ્રશ્ન પૂછે છે–પ્રાચીન પ્રણાલિકા જો તે શુભ પરિણામ ઉપર નિર્ભર હોય તો આત્મગત પ્રશ્ન કરવો ઉચિત જ છે— **सतां हि संदेहपदेषु वस्तुषु प्रमाणमंतः—करणप्रवृत्तयः**—એ માનસિક શાસ્ત્રના નિયમને અનુસરીને પ્રશ્ન પૂછતાં આધ્યાત્મિક ધ્વનિ આવે છે કે ગત વર્ષમાં પ્રથમના વર્ષો કરતાં સારી જેવી પ્રગતિ થઇ છે? એ પ્રગતિએ વાચકોના વિચાર–વાતાવરણ ઉપર અસર કરી શારીરિક, માનસિક અને આધ્યાત્મિક ઉન્નતિ નીપજાવી છે? પીસ્તાલીશ વર્ષોથી જૈન સમાજની યથાશક્તિ સેવા કરતાં ભિન્ન ભિન્ન ભૂમિકાવાળા આત્માઓમાં ગુણસ્થાનકોને અનુસરીને સંસ્કાર-બીજો રેડયાં છે? તે સંસ્કાર-બીજોથી સમૃદ્ધ થઇ અનેક આત્માઓની આધ્યાત્મિક દૃષ્ટિ વધારે વિકસ્વર થઇ છે? આ અને આવા અનેક પ્રશ્નો ગત વર્ષને અંતે ઉદ્ભવે છે અને તેનો પ્રત્યુત્તર અંતરાવલોકન ( Introspeotion ) દ્વારા પ્રસ્તુત પત્રને ધ્વનિત થાય છે કે જૈનદર્શનના અબાધિત કથન પ્રમાણે ક્રિયા વંધ્ય હોતી નથી તો શુભાશયથી પ્રેરાયલી સત્ક્રિયાનું ફળ સુંદર પરિણામવાળું કેમ ન હોઇ શકે?

## કાલ અને સંજ્ઞા.

કાલના અનંત મહાસાગરમાં જૂનું વર્ષ ભળી ગયું છે; વડીલની આંગળી પકડીને ચાલ્યા આવતા બાળકની જેમ નૂતનવર્ષે આવીને આપણા અંતરમાં સ્થાન લીધું છે. નૂતનવર્ષના ભીતરમાં શું શું ભર્યું છે તે આપણે જાણી શકતા નથી; અનાદિકાળથી આત્મા અનંત કાળને પચાવી ગયો છે છતાં પોતે અમર છે; પરંતુ આત્મા કર્મોથી પરાધીન હોવાથી તેને ધર્મ પુરુષાર્થ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો નથી અને તેને કાળ, સ્વભાવ, ભવિતવ્યતા અને કર્મને આધીન રહેવું પડયું છે પરંતુ માનવ જન્મ મળ્યા પછી અને જૈન ધર્મ તેમજ સદ્ગુરુયોગ અને શાસ્ત્રવાચન વિગેરે સામગ્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મળ્યા છતાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી શક્યો નથી; અકામ નિર્જરાએ કરી પુણ્ય પ્રકર્ષ થતાં માનવ જન્મ પ્રાપ્ત કર્યો છે, હવે સુપ્ત શક્તિઓને જાગૃત કરવાની છે, આત્માના આનંદવાળો પ્રકાશ એ જ મારો પ્રકાશ છે; જિનપૂજા, સામાયિક, પ્રતિક્રમણ, દાન, જ્ઞાનાભ્યાસ, ભાવના, ધ્યાન વિગેરે ટેવો રસપૂર્વક પાડી આધ્યાત્મિક પ્રકાશ પ્રકટાવવાનું અમલી કાર્ય જીવનનો મોક્ષ થતાં સુધી ચાલુ રાખવું જોઇએ, એ માનવ જન્મનું સાર્થક્ય છે.

નૂતન વર્ષની ૪૬ ની સંજ્ઞા અનેક રીતે બોધ આપી શકે છે: ૪+૬=દશ યતિધર્મનું, ૪×૬=ચોવીશ તીર્થંકરોનું, ચારની સંખ્યા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનું અને છની સંખ્યા ષડ્ દ્રવ્યોનું સૂચન કરે છે; તે સાથે સમગ્ર ૪૬ ની સંખ્યા ૪૫+૧ ની ગણત્રીએ પીસ્તાલીશ આગમો આપણી સન્મુખ હોય પણ એક આત્મ તત્ત્વ તેની સાથે ન જોડાયલું હોય તો માત્ર રૂપી જડ શબ્દો આત્માને શું ઉપકાર કરી શકે ? આત્માની તૈયારી તે ઉપાદાન કારણ અને આગમોનું શ્રવણ તે નિમિત્ત કારણ—એ બન્નેનો યોગ થાય ત્યારે જ આત્માનું ઇષ્ટ કાર્ય સધાય છે. છેંતાળીશની સંખ્યાની પ્રેરણાથી પ્રકટ થતું આ સંજ્ઞાશ્રુત ( ૪૬ ) જો આત્મજાગૃતિ અને સમ્યક્ત્વપૂર્વક હોય તો જ એ સંજ્ઞામાંથી જૈન દૃષ્ટિએ આત્મા સુંદર પ્રેરણા મેળવી શકે છે.

## રાષ્ટ્રપરિસ્થિતિ અને સંક્રમણ કાળ.

આઝાદી મળી, પરદેશીના બંધનમાંથી મુક્તિ મળી છતાં કોમી ઝનૂને વહાવેલી હજારો નિર્દોષ માનવીઓના લોહીની નદીઓ વહી, લાખો અને કરોડોનાં આંસુઓ, સ્થળાંતર કરી આવતા લાખો નિર્વાસિતો, અસ્તવ્યસ્ત બનેલું દેશનું અર્થતંત્ર, જનતામાં વ્યાપી ગયેલી ગ્લાનિ અને મૂઢતા, કાળાં બજારો અને પ્રચંડ મોંઘવારીમાં સ્વતંત્રતાને પગલે જ દેશ ઘોર વિપત્તિમાં આવી પડ્યો હતો; છતાં આજે આ વીતેલા બાર મહિના ઉપર સિંહાવલોકન કરીએ છીએ તો રાષ્ટ્રનું હૃદય અદ્‌ભુત સંતોષ અને ઉત્સાહથી પુલકિત થઇ શકે છે. કંઇ લાખો નિરાશામાં અમર આશા છુપાઇ છે એ દૃષ્ટિએ ઘોર વિપત્તિ અનુભવીને આપણો દેશ સ્વતંત્ર થઇ રહ્યો છે. દુનિયાના ઇતિહાસમાં પરદેશી સત્તાના હાથમાંથી આટલી ત્વરાથી અને શાંતિપૂર્વક હિંદની માફક ભાગ્યેજ કોઇ દેશે સ્વતંત્રતા પ્રાપ્ત કરી હશે. છેલ્લાં પચીશ વર્ષમાં જે મહાન આત્માએ દેશના માણસોમાં અહિંસક શક્તિનો સંચાર કર્યો તેના ફળરૂપે સ્વતંત્રતાની પ્રાપ્તિ થઇ છે; આરોગ્ય, કેળવણી, અર્થશાસ્ત્ર અને ઉદ્યોગ, હુન્નરમાં દેશને પગભર બનાવવા માટે અવિશ્રાંતપણે પ્રયત્ન કરી રહ્યા છે.

## વાતાવરણ અને સંસ્મરણો.

મહાન વિભૂતિ મ૦ **ગાંધીજીનું** ગત વર્ષમાં જાન્યુઆરીની ૩૦ તારીખે એક હિંદુના ગોળીબારથી કરુણ અવસાન થયું છે; એક અહિંસક પ્રચારકની અન્ય હિંસક વ્યક્તિથી આશ્ચર્યજનક રીતે હત્યા થઇ; ગાંધીજીનું આખા દેશ ઉપર અને ખાસ કરીને રાષ્ટ્રીય મહાસભા ઉપર અખંડ પ્રભુત્વ વર્તતું હતું; સમગ્ર વિશ્વે એક મહાન નર ગુમાવ્યો છે.

ગતવર્ષમાં લગભગ સવાસો વર્ષના ગાળામાં બાવીશ લાખનાં કરના ભરણા પછી **શ્રી શત્રુંજયગિરિ** દર વર્ષે સાઠ હજારના કરવેરાથી મુક્ત બન્યો છે. આ બાબતમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના આશ્રય નીચે શેઠ કસ્તુરભાઇ લાલભાઇના પ્રમુખપણા નીચે કમીટી કાર્ય કરી રહી હતી; જૈન શ્વેતાંબર કોન્ફરન્સ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમજ મુંબઈના સંઘે આ પ્રશ્ન ઉપાડયો હતો તે સૌરાષ્ટ્રનું એકમ થયા પછી સૌરાષ્ટ્રના પ્રધાનો પાસે રજૂ કર્યો હતો; પ્રધાનોએ તે હકીકત તરફ ધ્યાન આપી સદરહુ કર નાબૂદ કર્યો છે, તે અભિનંદનને પાત્ર છે. શેઠ કસ્તુરભાઇ લાલભાઇ તરફથી પચીશ લાખ રૂપીઆ અમદાવાદ નવરંગપુરા વિસ્તારમાં એંજીનીયરીંગ કૉલેજની સ્થાપના માટે મુંબઇ સરકારને સુપરત કરેલા છે. માંગરોળવાળા જવલબહેનના આમરણાંત ઉપવાસ થયા પછી શ્રી કેશરીઆજી તીર્થના સંરક્ષણાર્થે મુંબઈમાં એકાવન જૈન સંસ્થાઓના આશ્રય નીચે જાહેર સભા શ્રી સુરચંદ પી. બદામીના પ્રમુખસ્થાને મળી હતી.

શ્રી વીરચંદ પાનાચંદે મ૦ ગાંધીજીના સ્મરણમાં સૌરાષ્ટ્રમાં કુમાર વિદ્યાલય માટે પાંચ લાખ રૂપીઆની રકમ તથા વૈદ્યકીય રાહત માટે બીજી પાંચ લાખ રૂપીઆની રકમ સૌરાષ્ટ્ર સરકારના હાથમાં સુપ્રત કરી છે. આબૂતીર્થ ઉપરનો યાત્રાનો કર પણ સીરોહી રાજ્યે મહારાણીશ્રીના હુકમથી રદ કર્યો છે. પાકીસ્તાન અને હિંદુસ્તાનના ભાગલા સમયે પૂ૦ આ૦ મ૦ શ્રી વલ્લભસૂરિજી તથા તેમના શિષ્યો ગૂજરાંવાળામાં હતા; શાસનદેવની કૃપાથી કાંઈ પણ ઈજા આવી નથી અને ત્યાર પછી અમૃતસર નિર્વિઘ્ને પહોંચી ગયા હતા અને હાલમાં બીકાનેરમાં ચાતુર્માસ છે; એ જૈન સમાજ માટે અપૂર્વ આનંદ છે.

સુરતમાં આ૦ મ૦ શ્રી આનંદસાગરસૂરિજીની નિશ્રામાં પાલીતાણાની માફક ભવ્ય તામ્રપત્ર આગમમંદિરનું મહોત્સવપૂર્વક ઉદ્ઘાટન થયું હતું.

શ્રી કેશરીઆજી તીર્થ બાબતમાં અવ્યવસ્થા દૂર કરવા માટે ગતવર્ષમાં જવલ બહેને ચઉવિહાર ઉપવાસ આદર્યા હતા; ઉદયપુર સ્ટેટ તરફથી તપાસ પંચની સ્થાપના થઇ છે. આ બહેને પ્રથમ પણ ગિરનારજી તીર્થ જ્યારે પાકીસ્તાનના ભયમાં પડયું હતું ત્યારે ૫૬ ચઉવિહાર ઉપવાસ કર્યા હતા. એમની એ ઘોર તપશ્ચર્યા શ્રી ગિરનાર તીર્થની મુકિત માટેનું અંતરંગ પ્રબળ નિમિત્ત બન્યું હતું.

આ સંસ્મરણો પૂર્ણ કરવા સાથે શ્રાવણ માસમાં પ્રસ્તુત સભાના ત્રણ પેટ્રનો શ્રી રમણલાલ દલસુખભાઇ તથા ચંદુલાલ ટી. શાહ તથા શ્રી. મોહનલાલ તારાચંદ મુંબઇ સરકાર તરફથી જે. પી. નો ખીતાબ આપવામાં આવ્યો છે તે સંબંધમાં તેમને મુબારકબાદી આપવા સાથે નોંધ લઇએ છીએ. ચાલુ માસમાં ભાવનગરના ના. મહારાજા સાહેબ મદ્રાસ પ્રાંતના ગવર્નર નિમાયા છે તે પ્રત્યેક ભાવનગર વાસીને ગૌરવવંતો વિષય છે.

સ્વ૦ આત્મારામજી મહારાજની જન્મ જયંતી ચૈત્ર શુદ ૧ શ્રી સિદ્ધાચલજી ઉપર, સભાની વાર્ષિક તિથિ જેઠ શુદ ૨ શ્રી તાલધ્વજ તીર્થ ઉપર અને સ્વ૦ આત્મારામજી મહારાજની સ્વર્ગવાસ તિથિ જેઠ શુદ ૮ સભાના મકાનમાં પૂજા ભણાવવા તથા ગુણગાનપૂર્વક પ્રસ્તુત સભા તરફથી ઉજવવામાં આવી હતી. દર વર્ષે તે જ મુજબ ગુરુભક્તિ થશે. ચાલુ પ્રણાલિકા પ્રમાણે માગશર વદી ૬ સ્વ૦ શ્રી મૂળચંદજી મહારાજની તિથિ અને આસો શુદી ૧૦ સ્વ૦ શ્રી વિજયકમલસૂરિજીની તિથિ ભાવનગરમાં પૂજા ભણાવવા સાથે ઉજવવામાં આવી હતી.

## લેખદર્શન

ગત વર્ષમાં ૨૪ પદ્ય લેખો અને ૨૮ ગદ્ય લેખો આપવામાં આવેલ છે. પદ્ય લેખોમાં મુ૦ લક્ષ્મીસાગરજીના દીપોત્સવી પર્વ, ભાવના વિગેરે ત્રણ કાવ્યો, શીઘ્ર કવિ મુ૦ દક્ષવિજયજીના આત્મચિંતવન વિગેરે પાંચ કાવ્યો, મુ૦ વિનયવિજયજીનું શ્રી વલ્લભસૂરિજી અભિનંદન સ્તુતિનું કાવ્ય, પૂ૦ આ૦ શ્રી વિજયવલ્લભસૂરિજી રચિત મહાવીરસ્વામી સ્તવન, મુ૦ રમણિક-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિજયજી સંગૃહીત શ્રી વિજયસેનસૂરિ શિષ્ય વિનિર્મિત સ્તવન, ઉત્તરોત્તર પ્રગતિ કરતા કવિ શ્રી અમરચંદ માવજીના જ્ઞાન ગીતાશતક વિગેરે ચાર કાવ્યો, ઊગતા કવિ શ્રી અનંતરાય જાદવજીના ભૂલી જવું વિગેરે ચાર કાવ્યો, ગોવીંદલાલ પરીખના અજ્ઞાનીને ઉપદેશ વિગેરે બે કાવ્યો, રા૦ મૂલચંદભાઇ વૈરાટીનું ચંદનબાલાને વિનતિરૂપ કાવ્ય, અને શ્રી મોહનલાલ સીહોરીનું શ્રી વિજયાનંદસૂરિને પ્રણામરૂપ કાવ્ય, આવેલું છેઃ—આ તમામ કાવ્યો કાવ્યસૃષ્ટિમાં અનેક અંશે નૂતનતા અર્પી રહ્યા છે અને ભિન્ન ભિન્ન રીતે આત્મજાગૃતિ આપી વૈરાગ્યાદિ વિવિધ સાધનોવડે વાચક આત્મા પ્રગતિ કરી શકે તેવી પ્રેરણા આપી રહ્યા છે. ગદ્ય લેખોમાં આ૦ શ્રી વિજયપદ્મસૂરિજીના સિદ્ધસેનસૂરિજીકૃત બત્રીશ બત્રીશીઓ સંબંધના ચાર લેખો, ગહન તત્ત્વચિંતક અને વિદ્વદ્‌ભોગ્ય લેખો લખનાર શાંતમૂર્તિ આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજીના જીવતા શીખો, સાથે શું લઇ જશો? વિગેરે દશ લેખો, આત્માર્થી સં. પા. વિદ્વાન મુ. શ્રી પુણ્યવિજયજીના યોગમીમાંસા વિગેરેના સાત લેખો, સિદ્ધહસ્ત લેખક રા. મોતીચંદ કાપડીઆના ધર્મકૌશલ્યના ચૌદ લેખો, વક્તા તથા લેખક રા. ચોકસીના યાત્રાના નવાણું દિવસનો લેખ, મુ. ધુરંધરવિજયજીના ન્યાયરત્નાવલિ તથા વિષબિંદુના પાંચ લેખો, કુ. શ્ર. પૂર્ણાનંદવિજયજીના સ્વર વ્યંજનના અનુક્રમવાળા સુવાકયામૃતના બે લેખો, ડૉ. ભગવાનદાસનો શ્રીમાન્ યશોવિજયજીનો લેખ, મુ. જંબુવિજયજીના દ્વાદશારનયચક્રવાળરૂપ ગહન અને જટિલ ગ્રંથના સંક્ષિપ્ત પરિચયના ત્રણ લેખો, સાહિત્યરત્ન મુ. પુણ્યવિજયજીનો વિશેષાવશ્યક મહાભાષ્યની સ્વોપજ્ઞ ટીકા બાબતનો લેખ, સન્માર્ગ ઇચ્છકની સંજ્ઞાવાળા સં. પા. મુ. પુણ્યવિજયનો આત્મસ્વરૂપની પ્રાપ્તિ મને કોઇ વખત ન થઇ વિગેરે બે લેખો, મુ. ભુવનવિજયજીનો શ્રીપાળ અને કુંડલપુરનો સંશોધન લેખ, મુ. ન્યાયવિજયજી( ત્રિપુટી )નો શ્રી મહાવીર પરમાત્માનો લેખ, ડૉ. વલ્લભદાસ નેણસીનો શ્રી આનંદઘનજીના બે સ્તવનના અર્થવાળા લેખો, મુ. સમુદ્રવિજયજીનો આગામી સંવત્સરીની બાબતના ખુલાસાનો લેખ, રા. અભ્યાસી( શ્રી વિઠ્ઠલદાસ મૂલચંદ )ના સાચું ધન વિગેરે બે અનુવાદ લેખો, અને નૂતન વર્ષનું મંગલમય વિધાનનો અમારો લેખ, તદુપરાંત વર્તમાન સમાચાર, સમાલોચના વિગેરેના બાર સંક્ષિપ્ત લેખો પ્રસ્તુત સભાના સેક્રેટરી ભાઇ વલ્લભદાસ ત્રિભુવનદાસના છે. આ તમામ લેખો જૈન દર્શનના સિદ્ધાંતને અનુકૂળ અક્ષરશ્રુત છે. આ લેખોનું અતિશયોકિતભરેલું વિવેચન નહિં કરતાં તે તે લેખોના વાંચનનું પરિણામ વાંચકોના પારિણામિક ભાવોને સમર્પણ કરીએ છીએ અને તેવા સુંદર લેખો આવવાથી સમાજના સુંદર અભિપ્રાયો મળેલા છે તે જ આનંદનો વિષય છે. નવીન વર્ષમાં સુંદર શૈલીવાળા લેખો લખવા માટે ચાલુ તથા નવીન લેખકમહાશયોને સાદર નિમંત્રીએ છીએ.

## ભાવના અને પ્રકાશન કાર્ય.

નવીન વર્ષમાં ધાર્મિક જીવનમાં પ્રગતિ થાય તેવા રચનાત્મક લેખો આપવાની સભાએ ઇચ્છા રાખેલી છે. દેવગુરુકૃપાથી પ્રતિવર્ષ સભા સાહિત્યસમૃદ્ધિ, પેટ્રનો, સીરીઝ અને સભ્યોથી બલવત્તર બનતી જાય છે, તે માટેની હકીકત દરમાસે આત્માનંદ પ્રકાશ માસિકમાં પ્રસિદ્ધ કરવામાં આવે છે તે હેતુને ધ્યાનમાં રાખીને સભાએ ગતવર્ષમાં સુવર્ણ મહોત્સવ ઉજવવાનો ઠરાવ કરેલો છે, તે માટે સમિતિની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નીમણુંક પણ કરેલી છે. પાંચ કારણોની સાનુકૂળતા થયેથી નવીન વર્ષમાં સક્રિય અમલમાં આવવા સંભવિત છે.

સાહિત્ય દ્વારા આપણે દૂર દૂરના ભૂતકાળના જમાનાનું જીવન આપણી કલ્પના સમક્ષ ખડું કરી શકીએ છીએ અને તેને વર્તમાનકાળમાં સરખાવીને માનવજીવનની પ્રગતિનું માપ કાઢી શકીએ છીએ. સાહિત્ય એટલે એના વિશાળ અર્થમાં મહાપુરુષોના ચિત્ત ઉપર બાહ્ય અને આંતર સૃષ્ટિએ જે સંસ્કારો પાડયા હોય અને એ મહાપુરુષોએ સ્વાનુભવ પ્રાપ્ત કરેલો હોય તેની નોંધ હોય છે. જૈન દર્શનનું સાહિત્ય એ સર્વજ્ઞોએ પ્રતિબિંબિત કરેલી અલૌકિક વસ્તુ છે. આ ધ્યેયને આગળ કરીને આ સભાનું સાહિત્યોદ્ધારનું રચનાત્મક મુખ્ય કાર્ય પ્રથમથી જ રહેલું છે. ગત વર્ષમાં દ્વાદશારનયચક્રના ચિત્ર અને પરિચય સાથે માહા માસનો અંક પ્રકાશિત થયેલ છે. આ મહાન પ્રાચીન ગહન ગ્રંથ શ્રી મલ્લવાદી ક્ષમાશ્રમણવિરચિત અઢાર હજાર શ્લોકનો ગ્રંથ છે; તેનું સંશોધન સાહિત્યરત્ન સાક્ષર મુ૦ પુણ્યવિજયજી તથા વયોવૃદ્ધ સ્થવિર આચાર્ય મ૦ શ્રી વિજયસિદ્ધિસૂરિજીના પ્રશિષ્ય મુ૦ ભુવનવિજયજીના શિષ્ય મુ૦ જંબૂવિજયજી કરી રહ્યા છે; સભા તેમનો આભાર માને છે. આ ગ્રંથ કે જેમાં વિધિ, નિયમ વિગેરે અનેક ભેદોથી નયોનું મહાન સ્વરૂપ છે તે મૂળ અને ટીકા સાથે સભા તરફથી પ્રકાશિત થશે, એ સભાને માટે ખાસ ગૌરવનો વિષય છે. નવીન વર્ષમાં સ્વ૦ શ્રી અજિતસાગરજીકૃત કાવ્ય સુધાકરનો ગ્રંથ આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને ભેટ આપવામાં આવશે. શ્રી પાર્શ્વનાથ ચરિત્ર ભાષાંતર કે જે શ્રી ચંદુલાલ ટી. શાહ તરફથી સીરીઝ તરીકે છે અને મહાસતી દમયંતી ચરિત્ર કે જે શેઠ મણિલાલ વનમાલીદાસના બહેન સ્વ૦ સુરજ બહેનની સીરીઝ તરીકે છે–તે છપાય છે, સભા તરફથી ભેટ તરીકે નવીન વર્ષમાં આવશે. શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર, શ્રી સુમતિનાથ ચરિત્ર અને કથારત્નકોષના ભાષાંતરો ચાલુ છે–આ ત્રણે ગ્રંથો સહાયની અપેક્ષા રાખે છે. ગત વર્ષમાં અનેક બીજા વર્ગના લાઇફ મેંબરો ભેટનો સારો લાભ અપાતો હોવાથી પ્રથમ વર્ગમાં આવી ગયા છે. વળી નવા જૈન બંધુઓ લાઇફ મેમ્બર થયા છે, જેથી તૈયાર થયેલ સંઘપતિ ચરિત્ર, શ્રી શાંતિનાથ ચરિત્ર ભાષાંતર અને વસુદેવ હિંડી ભાષાંતરની ભેટની બુકોનો લાભ મેળવી શકયા છે. ગત વર્ષમાં છ પેટ્રનો વધારે થયેલા છે અને અત્યાર સુધીમાં ગ્રંથોની અઢાર સીરીઝ થયેલ છે. વસુદેવ હિંડી જેવા સાહિત્યના પ્રાચીન ગ્રંથના ભાષાંતર માટે પ્રજાબંધુ અને સંસ્કૃતિ માસિકના તેમજ ભાવનગર સમાચાર પત્રના અંકોમાં સુંદર અભિપ્રાયો આવેલા છે. સભાની ઉત્તમ પ્રકારની કાર્યવાહી, સારી સીકયુરીટીમાં નાણું રહેતું હોવાથી, હિસાબની ચોખવટ, તથા સારા ભંડોળથી ઘણા શ્રીમંત બંધુઓએ પેટ્રનપદ સ્વીકાર્યું છે અને સાહિત્ય પ્રકાશનમાં સારી રકમો આપી છે એ સભાને માટે પ્રશસ્ત ગૌરવનો વિષય છે અને એ રીતે યથાશકિત સભા પોતાના સાહિત્યોદ્ધાર માટે યત્કિંચિત આનંદ અનુભવે છે, અને પોતાની અપૂર્ણતાનું ભાન રાખી નૂતન વર્ષમાં પદ–સંચાર કરે છે.

## સમન્વય અને અંતિમ પ્રાર્થના.

આત્મા અને કર્મના પ્રત્યેક જન્મની અથડામણમાં ભવ્યાત્મા પોતાના પ્રબળ પુરુષાર્થથી જ છેલ્લી જીત મેળવશે એ સર્વજ્ઞકથિત નિ:સંશય હકીકત છે. આત્મપ્રબોધ ગ્રંથમાં ભાષાંતરકાર તરીકે અમારા સ્વ૦ પૂ૦ પિતા શ્રી ઝવેરભાઇએ પણ કહ્યું છે કે " બીજનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ जयन्ति सुपार्श्वजिनेन्द्राः ॥

# બૌદ્ધદર્શનસંમત અહિંસાનું સ્વરૂપ

લેખક—**મુનિરાજ શ્રી જંબૂવિજયજી મહારાજ**

**વાચકપ્રવર ભગવાન ઉમાસ્વાતિ**પ્રણીત **તત્ત્વાર્થાધિગમ**સૂત્રના " **प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा** " [ **तत्त्वार्था. ७ । ८** ] આ સૂત્રની ટીકામાં ટીકાકાર ભગવાન ગન્ધહસ્તી **શ્રી સિદ્ધસેનગણી** તથા શ્રી **યશોભદ્રસૂરીશ્વરજી** મહારાજે બૌદ્ધસંમત અહિંસાનું તેમ જ જૈનદર્શનસંમત અહિંસા ઉપર બૌદ્ધોએ કરેલા આક્ષેપોનું વિસ્તારપૂર્વક જોર–શોરથી ખંડન કર્યું છે. કોઈ પણ ગ્રંથમાં આવતી ચર્ચાઓમાં પૂર્વપક્ષના તે તે ગ્રંથો સામે હોય તો એ આખી ચર્ચા બીલકુલ સહેલાઇથી અને અતિ સુંદર રીતે સમજાય છે. પૂર્વપક્ષિનો ગ્રંથ જોયા સિવાય તેમજ પૂર્વપક્ષિનું સંપૂર્ણ દૃષ્ટિબિન્દુ જાણ્યા સિવાય ગૂઢ ચર્ચાઓનો ભાગ્યેજ સંતોષકારક આશય સમજાય છે. આથી પૂર્વપક્ષના મૂલસ્થળની ગવેષણા કરતાં " **प्राणातिपातः सञ्चिन्त्य परस्याभ्रान्तमारणम्** " [ **अभि० को० ४ । ७३** ] આ અભિધર્મકોશની કારિકાનું ટીકાકારોએ ખંડન કર્યું છે. એ વાત પાંચ–છ વર્ષ પહેલાં મારા જાણવામાં આવી હતી. પરંતુ એ ખંડનનો ઘણો મોટો ભાગ તો વસુબંધુએ રચેલા આ કારિકા ઉપરના સ્વોપજ્ઞભાષ્ય સામે જ છે અને ભાષ્ય તો આજ સુધી લુપ્ત થઇ ગયેલું જ મનાતું હોવાથી એ ભાગ મળવાની આશા જ નહોતી પરંતુ એ ભાષ્યનો બધો જ અંશ અનેક પ્રયત્નોને અંતે સદ્ભાગ્યે મને મળ્યો છે, અને આજે હું એ વાંચકો સમક્ષ રજૂ

---

ચંદ્ર ઊગ્યા પછી અવસ્ય પૂર્ણિમા થવાની, વચ્ચે ભલે દિવસોરૂપ અંતરાયો આવે તેની અડચણ નહિં; અને પુણ્યાનુબંધી પુણ્યથી પ્રકટેલાં શુભ નિમિત્તોથી આત્મા કર્મોથી સદંતર મુકિત થવા ઉદ્યમ કરી શકે છે અને પૂર્ણ ચંદ્રની જેમ પરમાત્મા બની રહે છે. "

ઉપસંહારમાં સાધનસાધ્યના અથવા નિમિત્તઉપાદાનના બે માંગલિક શ્લોકો સાદર કરી વિરમવામાં આવે છે.

**विषयानुबंधबंधुरमन्यन्न किमप्यतः फलं याचे ।**
**इच्छाम्येकं जन्मनि जिनमतरागं परत्राऽपि ॥**

ન્યાયાલોકપ્રશસ્તિ–ઉ૦ શ્રીમદ્ યશોવિજયજી

**श्रयते सुवर्णभावं सिद्धरसस्य स्पर्शतो यथा लोहं**
**आत्मध्यानादात्मा परमात्मत्वं तथाप्नोति ॥**

યોગશાસ્ત્ર–શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય.

" હે પ્રભો ! કોઇ પણ પૌદ્ગલિક સુખની યાચના આપની પાસે મારી નથી; પરંતુ આપના તરફનો શુભ રાગ આ જન્મમાં અને જન્માંતરમાં બન્યો રહે તે માગણી છે "

" જેમ સિદ્ધરસના સ્પર્શથી લોઢું સુવર્ણ બની જાય છે તેમ આત્મધ્યાનથી આત્મા, પરમાત્મપણાને પામે છે. "

ૐ શાંતિ: શાંતિ: શાંતિ:

મુંબઈ.
આત્મ સં. ૫૨
શ્રાવક શુકલ પૂર્ણિમા

**ફતેહચંદ ઝવેરભાઈ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવા ઇચ્છું છું કે જેથી **તત્ત્વાર્થ**ટીકાન્તર્ગત સમગ્ર ચર્ચા સ્પષ્ટ સમજી શકાય અને મુદ્રિત ગ્રંથમાં જે અશુદ્ધિ હોય તે પણ દૂર થઈ જાય.

વાત એમ બની હતી કે, ભગવાન **મલ્લવાદી**એ **નયચક્રના** પ્રથમ અરમાં **અભિધર્મકોશભાષ્ય**ના એક ભાગની બહુ વિસ્તારથી સમાલોચના કરી છે પરંતુ આ. શ્રી મલ્લવાદિકૃત મૂલ નયચક્ર અનુપલબ્ધ હોવાને લીધે આ. શ્રી **સિંહસૂરિ**[1] (૨ ??) **ગણિવાદિ** ક્ષમાશ્રમણકૃત ટીકાને આધારે જ બધું કામ લેવાનું હોવાથી એ સમાલોચના સંતોષકારક સમજાતી નહોતી. દરમ્યાન મારા જાણવામાં આવ્યું હતું કે-બૌદ્ધ પં૦ **રાહુલસાંકૃત્યાયન**ને થોડા વર્ષો પૂર્વે જ ટિબેટમાંથી મળી આવેલી એક અભિધર્મકોશ ભાષ્યની પ્રતિના ફોટાઓ લઈને તે **પટણા**ની **બિહાર એન્ડ ઓરિસા રિસર્ચ સોસાયટી**ને સોંપ્યાં છે. આથી એ નેગેટિવો મેળવવા માટે બિહાર સરકારના શિક્ષણપ્રધાન **બદ્રીબાબુ**નો એમ પરંપરાએ સંપર્ક સાધ્યો. તેમના વચનથી ફોટા મેળવવાની આશા બંધાઈ હતી, પરંતુ થોડા જ સમય પછી જાણવામાં આવ્યું કે એ બધા ફોટાઓ **શાંતિનિકેતન**માં ગયા છે, અને ત્યાંના કોઈ વિદ્વાન એનું

---

૧ **નયચક્ર** સંબંધી મારા અગાઉના લેખોમાં મેં **द्वादशानयचक्रटीकाकार श्रीसिंहसूरिगणिवादिक्षमाश्रमण** અને **तत्त्वार्थटीकाकार** ગન્ધહસ્તી શ્રી **सिद्धसेनगणी**ના પ્રગુરુ શ્રી **सिंहसूर**ના ઐક્યની સંભાવના રજૂ કરી છે. પરંતુ પુણ્યનામધેય પૂજ્ય મુનિરાજશ્રી **પુણ્યવિજય** મહારાજે થોડા વખત પહેલાં જ શોધી કાઢેલી (જુઓ, આ વર્ષના ફાગણ માસના અંકમાં ' વિશેષાવશ્યક મહાભાષ્ય સ્વોપજ્ઞ ટીકાનું અસ્તિત્વ ' એ શીર્ષકવાળો તેઓશ્રીનો લેખ ) વિશેષાવશ્યક મહાભાષ્યની ભગવાન **જિનભદ્રગણિક્ષમાશ્રમ**ણપ્રારબ્ધ તથા **કોટ્ટાર્યવાદિગણિ મહત્તરે** પૂર્ણ કરેલી ટીકામાં **સિંહસૂરિક્ષમાશ્રમ**ણ સંબંધી એક નીચે મુજબનો ઉલ્લેખ કોટ્ટાર્યવાદિગણિકૃત ટીકામાં મળી આવ્યો છે.

**" सिंहसूरिक्षमाश्रमणपूज्यपादास्तु**
**" सामान्यं निर्विशेषं द्रव-कठिनतयोर्वायदृष्टं यथा किं ?**
**योन्या शून्या विशेषास्तरव इव धरामन्तरेणोदिताः के ।**
**किं निर्मूलप्रशाखं सुरभि खकुसुमं स्यात् प्रमाणप्रमेयं ?**
**स्थित्यु-त्पत्ति-व्ययात्म प्रभवति हि सतां प्रीतये वस्तु जैनम् ॥ "**

**[ कोट्टार्यवादिगणिमहत्तरीया टीका पृ. १४/२० ]**

કોટ્ટાર્યવાદિકૃત ટીકાનું અવલોકન કરતાં તેમાં બૌદ્ધાચાર્ય દિગ્નાગના પ્રમાણસમુચ્ચય-ન્યાયમુખાદિનાં અનેક વચનો જોવામાં આવે છે પરંતુ ધર્મકીર્તિ-કુમારિલનું ક્યાંય પણ નામનિશાન ન હોવાથી સંભવે કે કે-આ ટીકા રચાઈ હશે ત્યાં સુધી તેમણે ધર્મકીર્તિ-કુમારિલના ગ્રંથો નહિ જ જોયા હોય. જો આ સંભાવના સાચી હોય તો વિક્રમ સં. ૭૦૦ આસપાસ કે પૂર્વે તેઓશ્રીએ આ ટીકાની રચના કરી હશે. એથી તેમણે જેમનો ઉલ્લેખ કર્યો છે તે **सिंहसूरिक्षमाश्रमण** અને નયચક્રટીકાકાર શ્રી **सिंहसूरिगणिवादिक्षमाश्रमण** એક જ વ્યક્તિ હશે એવો સંભવ છે, કેમકે નયચક્ર ટીકાકાર પણ વિક્રમના સાતમા સૈકામાં જ થયા હોવાનો સંભવ છે. વાચકો એ પણ નોંધ લે કે ભ. કોટ્ટાર્ય ગણિએ **આવશ્યકચૂર્ણિ**નો પણ બે વાર નામોલ્લેખ કર્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંશોધન-સંપાદન કાર્ય કરી રહ્યા છે. મારે શાંતિનિકેતનમાં સાક્ષાત્ કે પરંપરાએ કશી જ ઓળખાણ ન હોવાથી એ પ્રાપ્તિની આશા જ મેં પછી જતી કરી, અને બીજા પ્રયત્ને લાગ્યો. **બેલ્જિયમ**દેશનિવાસિ વિદ્વાન **લા-વાલ-પૂષિને** (La Valle Poussin.) ચીની યાત્રી **હ્યૂનચાંગ** (અનુવાદસમય સં. ૭૦૮-૭૧૧) તથા **પરમાર્થે** (અનુવાદસમય. સં. ૬૨૦-૬૨૪) કરેલા અભિધર્મકોશભાષ્યના ચીની અનુવાદો તથા ટિબેટનભાષાનુવાદો ઉપરથી ફ્રેંચ ભાષાંતર કર્યું છે. ઘણી શોધ કરતાં આ ફ્રેંચ ભાષાંતર મળી આવ્યું. અભિધર્મકોશભાષ્યની **સ્ફુટાર્થા** વ્યાખ્યા (Bibliotheca Buddhica) તપાસતાં એટલી વાત જાણવામાં જ હતી કે મલ્લવાદિસમાલોચિતભાષ્ય પ્રથમ કોશસ્થાનની દશમી કારિકાનું ભાષ્ય છે. ફ્રેંચ ભાષાંતરમાં જોતાં બરાબર એ સ્થળે જ આ ભાગ મળી આવ્યો. તે આધારે મૂલ લગભગ બરાબર નક્કી કરી શકાયું અને નયચક્રમાં આવતી એ આખી ચર્ચા લગભગ સ્પષ્ટ થઇ ગઇ, છતાં પણ અમુક પ્રકારની તેમાં ક્ષતિ રહી જતી હતી એટલે નયચક્રાન્તર્ગત સમાલોચના સર્વથા સ્પષ્ટ કરવા માટે શાંતિનિકેતનમાં રહેલા અભિધર્મકોશભાષ્યમાંથી અપેક્ષિત અંશ મેળવવાની મારી ઉત્કટ ઇચ્છા હતી. આથી જ્યારે આ વર્ષે વૈશાખ માસમાં મારે પુના આવવાનું થયું ત્યારે ત્યાં ફર્ગ્યુસન કૉલેજના પ્રોફેસર [1]મૂલ અભિધર્મકોશના સંપાદક ચીની-ટિબેટિયન ફ્રેંચ જર્મન આદિ અનેક ભાષાજ્ઞ **શ્રી વાસુદેવવિશ્વનાથ ગોખલે** ને બને તો શાંતિનિકેતનમાંથી એટલો ભાગ મેળવી આપવા માટે મેં વાત કરી. તેમણે તરત જ બૌદ્ધભિક્ષુ ભદન્ત **शान्ति भिक्षु** ઉપર આ માટે પત્ર લખ્યો, અને પછી **भदन्त शान्तिभिक्षु**દ્વારા હું આ ગ્રંથનું સંશોધન કરતા ઉડીસા(ઓરિસા). વાસિ પં. શ્રી **પ્રહ્લાદ પ્રધાનજી**ના સીધા સંપર્કમાં આવ્યો. **પ્રધાનજી** સાથેના પત્રવ્યવહારથી ચીની-ટિબેટિયન આદિ અનેક ભાષાઓ તેમજ બુદ્ધિસ્ટ શાસ્ત્રોનું ગંભીર જ્ઞાન હોવા ઉપરાંત તેમની આશ્ચર્યજનક સજ્જનતા જોઇને ઘણાં વર્ષોથી જેની જિજ્ઞાસા હતી તે **प्राणातिपातः सञ्चिन्त्य परस्याभ्रान्तिमारणम्** કારિકાનું ભાષ્ય મેળવવાનો પણ મને સ્વાભાવિક જ લોભ થયો. **પ્રધાનજી**એ અતિઝાંખા ઉઘડેલા ફોટાઓ ઉપરથી સહજ સૌજન્યથી ઘણું કષ્ટ ઉઠાવીને એ બધા અંશો હમણાં જ ચાઇનીઝ ભાષાંતરના પાઠાંતરો સાથે મોકલી આપ્યા છે, તેમાંથી **તત્ત્વાર્થ ટીકા** વિ૦માં અહિંસા સંબંધિ **વસુબંધુ**ના જે વક્તવ્યનું ખંડન છે તે અંશ નીચે આપવામાં આવે છે—

૧. લા-વાલિ-પૂષિને સ્ફુટાર્થા ટીકા, તથા ચીની-ટિબેટન અનુવાદોને આધારે અભિધર્મકોશની ૬૧૩ કારિકા પૈકી પાંચસો ઉપરાંત કારિકાઓ તૈયાર કરી હતી. તેમાં શુદ્ધિ-વૃદ્ધિ કરીને રાહુલસાંકૃત્યાયને આખો અભિધર્મકોશ નાલન્દિકા નામની સ્વરચિતવૃત્તિ સાથે છપાવ્યો છે, પરંતુ થોડાં વર્ષો પૂર્વે જ ટિબેટમાં મૂલ સંસ્કૃત અભિધર્મકોશકારિકાની એક પ્રાચીન પ્રતિ મળી આવી હતી. તેના ફોટાઓ ભારતમાં લાવવામાં આવ્યા હતા. તેના ઉપરથી ડૉ. ગોખલેએ **અભિધર્મકોશકારિકાનું** સંપાદન કર્યું છે કે જે રોયલ એસિઆટિક સોસાયટીની મુંબઇ શાખાના જર્નલમાં (Journal of the Bombay Branch, Royal Asiatic Society, 1946) ૨૨, મા વોલ્યુમમાં હમણાં જ પ્રકાશિત થયું છે. આ વિષયના અભ્યાસીઓને આ મૂલસ્વરૂપના ગ્રંથનું પ્રકાશન હોવાથી ખાસ ઉપયોગી છે. આનાં અલગ રિપ્રીન્ટો પણ મળે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"कियता पुनः प्राणातिपातं स्वयं कुर्वतः कर्मपथो भवति ? कियता यावन्मिथ्यादृष्टिः कर्मपथः ? इति लक्षणं वक्तव्यम् तदुच्यते—

प्राणातिपातः सञ्चिन्त्य परस्याभ्रान्तिमारणम् ।

यदि 'मारयिष्याम्येनम्' इति संज्ञाय परं मारयति तमेव च मारति नान्यं भ्रमित्वा-ऽयता प्राणातिपातो भवति । यस्तर्हि सन्दिग्धो मारयति 'किमयं प्राणी, न प्राणी ?' इति 'स एव, अन्यो वा ?' इति सोऽप्यवश्यमेतं निश्चयं लब्ध्वा तत्र प्रहरति 'योऽस्तु सोऽस्तु' इति कृतमेवानेन त्यागचित्तं भवति ।

कथं क्षणिकेषु पुद्गलेषु प्राणातिपातो भवति ? प्राणो नाम वायुः कायचित्तसन्निश्रितो वर्तते तमतिपातयति यथा प्रदीपं निरोधयति घण्टास्वनं वा । जीवितेन्द्रियं वा प्राणः तं निरोधयति, यद्येकस्यापि जीवितक्षणस्योत्पद्यमानस्यान्तरायं करोति प्राणातिपातावद्येन स्पृश्यते, नान्यथा । कस्य तज्जीवितं यस्तदभावान्मृतो भवति ? कस्येति षष्ठीं पुद्गलवादे विचारयिष्यामः । उक्तं तु भगवता—

" आयुरूष्माऽथ विज्ञानं यदा कायं जहत्यमी ।
अपविद्धस्तदा शेते यथा काष्ठमचेतनः ॥ " इति

तस्मात् सेन्द्रियः कायो जीवतीत्युच्यते, अनिन्द्रियो मृत इति ।

अबुद्धिपूर्वादपि प्राणिवधात् कर्तुरधर्मो यथाऽग्निसंयोगाद्दाह इति निर्ग्रन्थाः । तेषां परदारदर्शनेऽप्येष प्रसङ्गः निर्ग्रन्थशिरोलुञ्चने च कष्टतपोदेशने च शास्तुः तद्विसूचिकामरणे च दातुः वैद्यानां चातुरपीडने मरणे च मातृगर्भस्थयोश्चान्योन्यं दुःखनिमित्तत्वात् वध्यस्यापि च तत्र क्रियासम्बन्धाद् अग्निष्वा( स्वा )श्रयदाहवत् । कारयतश्चाप्रसङ्गस्तद्सम्बन्धात् परेणाग्निं स्पर्शयतः तेनाऽदाहवत् । अचेतनानां च काष्ठादीनां गृहपाते प्राणिवधात् पापप्रसङ्गः न वा दृष्टान्तमात्रात् सिद्धिरिति उक्तः प्राणातिपातः ॥"

[ अभिधर्मकोशभाष्य; कोशस्थान ४, कारिका ७३ ]

આ ભાષ્ય ઉપર **યશોમિત્રે** કરેલી [1]સ્ફુટાર્થા વ્યાખ્યા મળે છે તેમાં આનું વિવરણ આ પ્રમાણે છે—

"संज्ञाय परिच्छिद्येत्यर्थः । नान्यं भ्रमित्वेति न भ्रान्त्याऽन्यं मारयतीत्यर्थः । क्षणिकेषु स्कन्धेष्विति स्वरसेनैव विनश्वराणां स्कन्धानां कथमन्येनैषां निरोधः क्रियता इत्यभिप्रायः

---

१ **ઉનરાઇ વોગિહાર**( Unrai Woghihar ) નામના જાપાનીઝ પંડિતે સંપાદિત કરેલો આ ગ્રંથ The Publishing Association of Abhidharmakosh–Vyakhya નામની **ટોકિઓ**( જાપાન )ની સંસ્થાથી પ્રકાશિત થયો છે. પ્રો. ગોખલેના સૌજન્યથી ( પુના ) ફર્ગ્યુસન કૉલેજના પુસ્તકાલયમાંથી હું આ મેળવી શક્યો છું. ગ્રંથ આખો રોમન ( ઇંગ્લીશ ) લિપિમાં છે.

**સ્ફુટાર્થાનાં** પ્રથમ ત્રણ કોશસ્થાન Bibliotheca Buddheca **રશિયાથી** પણ પ્રકાશિત થયાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



प्राणो नाम वायुः कायचित्तसन्निश्रितो वर्तत इति कथं चित्तसन्निश्रितो वायुः प्रवर्तते? चित्तप्रतिबद्धवृत्तित्वात् तथा हि-निरोधा संज्ञिसमापत्तिसमापन्नस्य मृतस्य च न प्रवर्तते शास्त्रे चाप्युक्तम् "य इमे आश्वास-प्रश्वासाः किं ते 'कायसन्निश्रिता वर्तन्ते' इति वक्तव्यम्? 'चित्तसन्निश्रिता वर्तन्ते' इति वक्तव्यम्? 'नैव कायचित्तसन्निश्रिता वर्तन्ते' इति वक्तव्यम्? 'कायचित्तसन्निश्रिता वर्तन्ते' इति वक्तव्यम्? आह-'काय चित्तसन्निश्रिता वर्तन्ते' इति वक्तव्यम्" इति विस्तरः। तमतिपातयतीति तं प्राणं विनाशयतीत्यर्थः। उत्पन्नस्य स्वरसनिरोधादनागतस्योत्पत्तिं प्रतिबध्नन् निरोधयतीत्युच्यते यथा प्रदीपं निरोधयति घण्टास्वनं वा क्षणिकमपि सन्तम् कथं च स निरोधयति? अनागतस्योत्पत्तिप्रतिबन्धात्। जीवितेन्द्रियं वा प्राणः इति चित्तविप्रयुक्तस्वभावमेनं दर्शयति।

कस्य तज्जीवितं यस्तदभावान्मृतः? इति यः प्राणी जीवितस्य अभावान्मृतो भवति स बौद्धानां नास्ति नैरात्म्यवादित्वात् अत एवं पृच्छति। कस्येति षष्ठीं पुद्गलवादे पुद्गलप्रतिषेधप्रकारेण "असति आत्मनि कस्येयं स्मृतिः? किमर्थैषा षष्ठी?" इत्यत्र प्रदेशे चिन्तयिष्यामि आस्तां तावदेतत् सामा(सां)न्यासिा कमित्यभिप्रायः तस्मात् सेन्द्रियः कायो जीवतीति सेन्द्रियस्यैव कायस्य तज्जीवितं नात्मन इति दर्शयति। स एव चानिन्द्रियो मृत इति।

अबुद्धिपूर्वादिति विस्तरः असञ्चिन्त्य कृतादपि प्राणातिपातात् कर्तुरधर्मो यथाऽग्निसंपर्शादबुद्धिपूर्वादसञ्चिन्त्य कृताद्दाह इति निर्ग्रन्था नग्नाटकाः तेषां निर्ग्रन्थानां नग्नाटकानामेवं वादिनामबुद्धिपूर्वेऽपि परस्त्रीदर्शनसंस्पर्शन एष प्रसङ्ग पापप्रसङ्ग इत्यर्थः अग्निदृष्टान्तात्। निर्ग्रन्थशिरोलुञ्चने च निर्ग्रन्थशिरः केशोत्पाटने च दुःखोत्पादनबुद्ध्यभावेऽप्यधर्मप्रसङ्गः अग्निदाहवत्। कष्टतपोदेशने च निर्ग्रन्थशास्तुरधर्मप्रसङ्गे बुद्ध्यनपेक्षायां परस्य दुःखोत्पादनमधर्माय भवतीति कृत्वा। तद्विषूचिकामरणे च निर्ग्रन्थानां विषूचिकयाऽजीर्णेन मरणे दातुरन्नदातुरधर्मप्रसङ्गः अन्नदानेन मरणकारणात् अबुद्धिपूर्वोऽपि हि प्राणिवधः कारणमधर्मस्येति। मातृ-गर्भस्थयोश्च मातुर्गर्भस्थस्य चान्योन्यं दुःखनिमित्तत्वादधर्मप्रसङ्गः तत एवाग्निदृष्टान्तात्। वध्यस्यापि च तत्क्रियासम्बन्धात् प्राणातिपात क्रियासम्बन्धात् अधर्मप्रसङ्गः वध्ये हि सति प्राणातिपातक्रियावधकस्य भवति अग्निस्वाश्रयदाहवत् अग्निर्हि न केवलमन्यजनं दहति किं तर्हि? स्वाश्रयमपीन्धनं दहतीति तद्वत् न. हि तेषां चेतनाविशेषोऽपेक्ष्यते। कारयतश्च परेण वधादि अधर्मस्याप्रसङ्गः परेणाग्निं स्पर्शयतः स्पर्शयितुः तेनादाहवत् आग्नेयधर्माभ्युपगमात्। अचेतनानां च काष्ठादीनां काष्ठलोष्टवंशादीनां गृहपाते तत्रान्तःस्थितानां प्राणिनां वधात् पापप्रसङ्गः न हि बुद्धिविशेषः प्रमाणीक्रियेत। न वा दृष्टान्तमात्रादहेतुकात् सिद्धिरस्यार्थस्येति।"[२]

[ अभिधर्मकोशस्फुटार्था व्याख्या. पृ. 404, 405, 406 ] (અપૂર્ણ)

૧ કેટલાક બૌદ્ધાચાર્યો દિગંબર વ્યાપ્ત પ્રદેશમાં જ થયા હોવાથી તેમણે નિર્ગ્રંથ-જૈન વગેરે શબ્દોનો નગ્નાટક એવો જ પર્યાય માની લીધો છે.

૨ અભિધર્મકોશ ભાષ્યમાં પાઠભેદો પણ મળે છે. ટીકામાં જ્યાં મૂલ કરતાં જુદો પાઠ લાગે ત્યાં પાઠભેદ છે, એમ સમજવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુખી કેમ થવાય ?

લેખકઃ—આચાર્ય શ્રી વિજયકસ્તુરસૂરિજી મહારાજ.

માનવીને સુખ જોઈએ છે પણ સ્વાધીનતા જોઈતી નથી તે કેમ બને ? સ્વાધીનતા વગર તો સુખ મળી શકે જ નહિં. પૌદ્ગલિક સુખ હોય કે આત્મિક સુખ હોય પણ માનવી જ્યાં સુધી સ્વાધીન નથી ત્યાં સુધી તો તે કોઈ પણ પ્રકારે સુખી હોઈ શકતો જ નથી છતાં પરાધીન હોઇને પણ જો પોતાને સુખી માને છે તે પોતાને શ્રીમંત માનનાર ભીખારીના જેવો છે. સુખ અને સ્વાધીનતા બંનેમાં નામનો જ ફરક છે અર્થનો નથી. કેટલાકનું માનવું છે કે ધન–સંપત્તિ સારા પ્રમાણમાં મળી હોય તો સ્વાધીન બની શકાય છે અને તેથી માનવી સુખી થઇ શકે છે, પણ આવું માનનારાઓ મોટી ભૂલ કરે છે, કારણ કે ધન–સંપત્તિ સારા પ્રમાણમાં મળ્યા પછી માનવી પોતાની થોડી ઘણી સ્વાધીનતા હોય છે તેને પણ ખોઇ નાંખીને વધારે પરાધીન બને છે. માનવી ગરીબાઈમાંથી શ્રીમંત બને છે અને તે જ્યારે ગરીબ હોય છે ત્યારે તેને જીવનનિર્વાહ પૂરતાં સાધન મેળવવાની ઇચ્છા હોવાથી શ્રીમંતો કરતાં ઘણી જ ઓછી જરૂરીઆતવાળો હોય છે અને તેથી તે સ્વાવલંબી પણ હોય છે જેને લઇને તેને બીજાના આશ્રિત બનવું પડતું નથી એટલે તે મોટે ભાગે સ્વાધીન હોવાથી સુખી હોય છે પણ જ્યારે તેની પાસે પુષ્કળ ધન થઇ જાય છે ત્યારે તે પોતાની નબળી સ્થિતિનું ભાન ભૂલાવીને પોતાને સુખી માનનારા અજ્ઞાની શ્રીમંતોની પ્રવૃત્તિ તરફ લક્ષ્ય આપીને તેમનું અનુકરણ કરે છે એટલે તે વધારે પરાધીન બની ને દુઃખ ભોગવવા છતાં પોતાને સુખી માને છે. મૂર્ખ શ્રીમંતો જડાસક્ત હોવાથી પુન્યકર્મથી મેળવેલી સંપત્તિ વૈષયિક સુખના સાધનો બનાવવામાં વાપરે છે. પાંચે ઇન્દ્રિયોને ગમે તેવા બાગ–બંગલા–વસ્ત્ર–આભૂષણો–મિષ્ટાન્ન આદિ વસ્તુઓ વધારે આસક્તિ ભાવ ઉત્પન્ન થાય તેવી બનાવીને વધારે સુખી હોવાની ભ્રમણાથી ધનમદને આધીન થયેલા દુખગર્ભિત સુખથી આત્માની પરાધીનતાને વધારે પુષ્ટ બનાવે છે. જડાત્મક ક્ષણિક વસ્તુઓ નિરંતર એક રૂપે રહી શકતી નથી. મોહના દબાણથી તેમાં માનેલી સુંદરતા પ્રત્યેક ક્ષણે નષ્ટ થતી જાય છે અને જડ વસ્તુનો અસુંદર ભાવ પ્રગટ થતો જાય છે જેથી માનવી પરિણામે કલેશ, ગ્લાનિ તથા દુઃખનો અનુભવ કરે છે તોયે મૂઢ માનવી તે વસ્તુને પાછી સુંદર બનાવી તેનાથી નષ્ટ થયેલું સુખ પાછું મેળવવાના પ્રયાસમાં જ પોતાનું કિંમતી જીવન વેડફી નાંખે છે છતાં સફળતા મેળવી શકતો નથી. મૂર્ખ શ્રીમંતો સ્વાધીનતાનો નાશ કરનાર અને જીવનમાં નિરુપયોગી એવા હાટ, હવેલી, બાગ બંગલા, મોટર, ચાકર વિગેરે સાધનો વસાવીને તેના ગુલામ–દાસ બનવા છતાં પણ જો પોતાને સ્વાધીન તથા સુખી સમજતા હોય તો તેમનું ડહાપણ ન કહેવાય. ખાવાને ધાન, રહેવાને મકાન, પહેરવાને વસ્ત્ર, કામ કરવાને હાથ, ચાલવાને પગ વિગેરે સુખે જીવવાનાં સાધનો હોવા છતાં પણ મૂઢ માનવી મૂર્ખ શ્રીમંતોની જીવનપદ્ધતિ જોઇને પોતાને દુઃખી માને છે. અનીતિ તથા અધર્મ કરીને પણ ધન મેળવે છે. પછી પોતે પણ હું પણ શ્રીમંત છું એટલે સુખી છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેની જનતાને પ્રતીતિ કરાવવા જડાત્મક વસ્તુઓ બનાવીને અજ્ઞાનીઓની પ્રશંસા સાંભળીને મિથ્યાભિમાનથી ફુલાય છે. અને પોતાનું કિંમતી જીવન, બંગલા-મોટર આદિ જડ વસ્તુઓ તથા નોકર-ચાકર આદિને સ્વાધીન કરી દે છે જેથી પોતે સ્વતંત્રપણે જીવી પણ શકતો નથી કારણ કે બાગ-બંગલા આદિ નંશ પામવાથી તથા નોકર-ચાકર નાશી જવાથી પરાધીનતા તેના પ્રાણ હરણ કરી લે છે. હાથ-પગ, આંખ-કાન આદિ કુદરતી સાધનો હોવા છતાં પણ ધનવાન લૂલા-બહેરા-આંધળા બનીને અપંગ માણસોની પંક્તિમાં ભળે છે. છતાં પોતાને સુખી હોવાનો દાવો કરે છે તે તેમની બુદ્ધિની નબળાઇ જ સૂચવે છે. ધનના મદથી પૂજ્ય-સેવ્ય તથા માનનીય મહાપુરુષો અથવા તો ગુણવાન-ડાહ્યા સજ્જન પુરુષોનો ભેટો થાય તો તેમનું ઉચિત ન જાળવવું, દુઃખી માણસોની દશા આંખોથી જોવા છતાં પણ આંધળા માણસોની જેમ અસર ન થવી, દુઃખીઆઓનો સાદ સાંભળવા કાન કામ આપી શકે નહિં, આપદગ્રસ્તને આશ્વાસન આપવા જીભ કામ કરી શકે નહિં, ઘેરથી દુકાને જવું હોય તો પગ કામ આપે નહિં, વાહનની જરૂરત પડે, એક માઇલ પણ ચાલી શકાય નહિં તેમ જ પાશેર વજન પણ ઊંચકી શકાય નહિં એટલે મજૂરની પણ જરૂરત પડે,-આ પ્રમાણે અપંગ દશા ભોગવતા ધનવાન પરાધીનપણે જીવન ગાળવા છતાં પણ પોતાને સુખી હોવાનો ડોળ કરીને નરી મૂર્ખાઇ જ જાહેર કરે છે. ધનના મદમાં વિવેક નષ્ટ થવાથી અવિવેકીપણાને લઇને આહાર-વિહાર તથા વ્યવહારમાં અવ્યવસ્થિત થવાથી ડૉકટર-વકીલ તથા સત્તાધીશોની આગળ નમીને ચાલવું પડે છે અને તેમના કહ્યા પ્રમાણે વર્તીને તેમની તાબેદારી ઉઠાવવી પડે છે માટે જ સ્વાધીનતા મેળવવાને ધનની ખાસ જરૂરત નથી. ધન-સંપત્તિ તથા સ્વાધીનતાના સંબંધનો નિયમ નથી. ધન વગર પણ સ્વાધીનતા મેળવી શકાય છે. ધન હોય કે ન હોય પણ જેને સાચી સમજણ છે તે જ સ્વાધીનતા મેળવવાનો અધિકારી છે અને તાત્વિક દૃષ્ટિથી સુખી પણ હોઇ શકે છે માટે સ્વાધીનતા મેળવવા સાચી સમજણની જરૂરત છે પણ કેવળ ધનની નથી. સમજણ વગરનો માનવી પોતાની પાસે મમતા કરવાનું સાધન ન હોય તો ઘણું જ દુઃખ મનાવે છે અને અનેક પ્રકારનાં કષ્ટ વેઠીને પણ ધન-સંપત્તિ, બાગ-બંગલા આદિ મેળવે છે. પછી તેની મમતા કરીને પોતે પોતાને સુખી માને છે. સૂક્ષ્મ દૃષ્ટિથી વિચાર કરતાં જણાય છે કે-સંસારમાં અણજાણ માનવીઓએ મમતામાં સુખ માન્યું છે. બાગ-બંગલા આદિ ભલેને પોતાના ઉપયોગમાં ન જ આવતા હોય તો પણ માનવીના મનમાં મારાપણાની બુદ્ધિ થવા માત્રથી જ પોતાને સુખી માને છે, નહિં તો બીજાની પાસે અઢળક ધન-સંપત્તિ તથા પૌદ્ગલિક સુખના સાધનો હોય છે તેને જોવાથી કે સાંભળવાથી અથવા તો બીજાની માલીકીની વસ્તુનો ઉપભોગ કરવાથી માનવી પોતાને સુખી માનતો નથી; કારણ કે તે જાણે છે કે આ વસ્તુ મારી નથી પણ પારકી છે. ભલે, અત્યારે આ વસ્તુ હું વાપરું છું પણ આવતી કાલે એનો માલીક જ્યારે માંગશે ત્યારે મારે તેની વસ્તુ પાછી આપવી પડશે. આ પ્રમાણે મમતાનો અભાવ હોવાથી વસ્તુ વાપરવા છતાં પણ પોતાની વસ્તુ જેટલું સુખ માનતો નથી. તે વસ્તુ સારી બને કે નષ્ટ થાય તેના માટે હર્ષ-શોક કરતો નથી. જો માનવી સાચી સમજણપૂર્વક વિચાર કરે તો પોતાની પાસે હોય કે બીજાની પાસે હોય પણ પૌદ્ગલિક વસ્તુ માત્ર પારકી છે. આત્મા તેનો માલીક-સ્વામી હોઇ શકતો જ નથી, છતાં તેમાં મારાપણાની બુદ્ધિ રાખવી તે અજ્ઞાનતા જ છે. મોહઘેલા માનવી માને છે કે-આ વસ્તુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારી છે અને આ વસ્તુ મારી નથી કારણ કે જે વસ્તુ પારકી છે તે છેવટે તેના સ્વામીને પાછી આપવી પડે છે. પણ તે ભૂલે છે. પૌદ્ગલિક વસ્તુ કે જેને પોતાની માને છે તે પણ તેની નથી. છેવટે પૌદ્ગલિક વસ્તુને તો છોડી દઇને પુદ્ગલાસ્તિકાયને સ્વાધીન કરવી પડે છે. હાટ-હવેલી આદિ જેટલી જડાત્મક વસ્તુઓ છે તે નાશ પામીને માટીમાં મળી જાય છે માટે જ ક્ષણભંગુર જડાત્મક વસ્તુઓને પોતાની માની ખુશી થવું કે સુખ મનાવવું તે અજ્ઞાનતા જ છે.

બાગ-બંગલા આદિ જડાત્મક વસ્તુઓ સ્વભાવથી જ માનવીને સુખ આપી શકતી નથી. અર્થાત્ જડાત્મક વસ્તુઓમાં એવો સ્વભાવ નથી કે તેને જોવા માત્રથી માણસ સુખી થઇ જાય. જો એમ હોય તો પછી માનવી પૌદ્ગલિક વસ્તુ મેળવીને તેના ઉપભોગથી પોતાને સુખી હોવાનું માને છે તેની જરૂરત જ ન રહે અને બાગ-બંગલા-સ્ત્રી-પુત્ર-ધન-મોટર આદિ વસ્તુઓનો ઉપભોગ કર્યા સિવાય પણ ભોગ જેટલું સુખ મળી જવું જોઇયે પણ તેમ જણાતું નથી એટલે એ વાત તો નિર્વિવાદ છે કે જડ વસ્તુઓમાં સુખ છે જ નહિં છતાં અજ્ઞાની માનવી તે વસ્તુઓ વાપરીને માત્ર સુખનું અભિમાન ધરાવે છે માટે જ તે સુખાભાસ છે. પારકી બાગ-બંગલા આદિ વસ્તુઓ જોનાર માણસ પોતે તેનો સ્વામી ન હોવાથી મમતા કરી શકતો નથી માટે પોતે સુખી થવાને બદલે દુઃખી થાય છે. અર્થાત્ મોહાધીન અજ્ઞાની માનવીને તે વસ્તુઓ દુઃખ મનાવવામાં નિમિત્ત કારણ બને છે, તેથી તે વસ્તુઓના નાશની ઇચ્છા રાખે છે. સંયોગવશાત્ બીજાની પાસેથી તે વસ્તુઓ નાશ પામી જાય તો પોતે રાજી થાય છે. સંસારમાં મમતા વગરની અસ્વાધીન વસ્તુઓ માનવીને ઉપેક્ષા, ખુશી તથા દુઃખ ઉત્પન્ન કરે છે. પારકી વસ્તુ ગમે તેવી સારી અને સુંદર કેમ ન હોય અને તે નાશ પામે કે વૃદ્ધિ પામે તેના માટે મમતાહીન બીજા માનવીને હર્ષ કે શોક થતો નથી પણ તેના માટે ઉપેક્ષક રહે છે; કારણ કે તે મનમાં એમ માને છે કે આ વસ્તુ મારી નથી એટલે તેનું ગમે તેમ થાય તેમાં મારે શું ? અને કેટલાકને તો તે વસ્તુ પોતાની ન હોવાથી દુઃખ થાય છે ત્યારે કેટલાકને તે વસ્તુ વાપરનાર ઉપર ઇર્ષ્યા થવાથી તે વસ્તુનો નાશ ઇચ્છે છે, અને તેની ધારણા પ્રમાણે થાય તો પોતે ઘણો જ ખુશી થાય છે. જેની પાસે ભોગોપભોગની વસ્તુ ન હોય તે તો કદાચ ભોગસંપન્ન વસ્તુવાળા માનવી ઉપર ઇર્ષ્યા કરે અને તેનું અહિત ઇચ્છે; પણ પુન્ય કર્મના સંયોગથી પૌદ્ગલિક સુખની સામગ્રી મળવા છતાં પણ ઇતરની સુખ સામગ્રી જોઇને ઇર્ષ્યા કરવી, દુઃખ મનાવવું કે બીજાનું અહિત ઇચ્છવું તે મૂર્ખતા જ કહેવાય. એટલે કે ગરીબ માણસ તો શ્રીમંત ઉપર પોતાની પુન્યની નબળાઇને લઇને ઇર્ષ્યા કરી તેનું અહિત ઇચ્છે, પણ પોતે સુખના સાધનવાળો હોઇને બીજાની ઉપર ઇર્ષ્યા કરવી તે માણસાઇ ન કહેવાય. બીજાનું સુખ જોઇને દુઃખી થવું અથવા તો સુખી માણસના સુખનો નાશ થવાથી તેને દુઃખી થતો જોઇને રાજી થવું તે અધમતા જ કહી શકાય.

શ્રીમંત કંગાળ બને, વિદ્વાન મૂર્ખ બને, રૂપવાન કુરૂપ બને, યશસ્વી અપયશ મેળવે અને બળવાન નિર્બળ બને તેથી કાંઇ બીજાને લાભ મળતો નથી તેમજ તેનું કાંઇ પણ સુધરતું નથી છતાં પ્રસન્ન મનવાળા થવું અને સંતોષ માનવો તે દુર્જનતા તો છે જ પરંતુ તેનું બીજું પણ એક કારણ જાણવા મળે છે કે ધન-વિદ્યા-રૂપ તથા બળ આદિ વસ્તુઓ મેળવ્યા પછી માનવી મિથ્યાભિમાનમાં આવી જઇને ધન-વિદ્યા તથા રૂપ વગરના માણસોની અવજ્ઞા કરે છે, તેમની તરફ હલકી દૃષ્ટિથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જુએ છે અને તેમનો તિરસ્કાર કરે છે એટલે તેમના અંદર ઇર્ષ્યા ઉત્પન્ન થવાથી તેમનું અહિત ચિંતવે છે અને તેમને દુઃખી થતા જોઇને રાજી થાય છે. જો માનવી ધન, રૂપ, વિદ્યા તથા બળ આદિ વસ્તુઓ મેળવ્યા પછી સહુ સાથે મળીને ચાલે તો તેની ઉપર કોઈ પણ ઇર્ષ્યા કરે નહિ અને તેનું અહિત પણ ઇચ્છે નહિં પણ તેમ બનવું કઠણ છે. કોઇક જ માણસ એવો હશે કે જેને ધન સંપત્તિ આદિ મળ્યા પછી મિથ્યાભિમાન મૂંઝવે નહિ. મોહગ્રસ્ત માનવીને ફરજિયાત જડાત્મક વસ્તુઓના દાસ બનવું જ પડે છે અને તેથી તેને પરાધીનપણે કષાયોના આશ્રિત બનવું જ પડે છે. જ્યાં સુધી માનવી કામ–ક્રોધ, મદ–મોહ, લોભ તથા માયાને આધીન છે ત્યાં સુધી તે સાચું સમજી શકતો નથી અને તેથી તેને પૌદ્ગલિક સુખના સાધન મળ્યાં હોય કે ન મળ્યા હોય તો પણ તે પરાધીન હોવાથી પરમ દુઃખી જ હોય છે. જેને વૈષયિક સુખના સાધન મળ્યા હોય છે તે વિષયવાસના પોષવાને માટે અત્યંત આસક્તિ ભાવથી તેનો ઉપયોગ કરીને કામ–ક્રોધાદિને પુષ્ટ બનાવે છે. જેમ જેમ વૈષયિક વસ્તુઓને વાપરે છે તેમ તેમ કામની અતિશય વૃદ્ધિ થતી જાય છે, અને કામ વધવાથી કષાયો પણ વધે છે, કારણ કે કામ ઇચ્છારૂપ અને વિષયરૂપ એમ બે પ્રકારના હોય છે. ઇચ્છાઓ પૂરી ન થવાથી તથા વિષયમાં અતૃપ્ત માનવીના મનમાંથી ભોગોપભોગની ભાવનાઓ ભુંસાતી નથી, અને તેથી તેના ચિત્તમાં નિરંતર ક્લેશ રહ્યા કરે છે.

ઇચ્છા અને વિષય બંને એવી વસ્તુ છે કે જેનો છેડો નથી અને તૃપ્તિ પણ નથી, કારણ કે ઇચ્છાઓ કર્મજન્ય હોવાથી જડ વસ્તુઓની થાય છે. માનવીને પૌદ્ગલિક વસ્તુઓમાં સુખની ભ્રમણાથી વસ્તુઓ ઉપર રાગ હોય છે અને એટલા માટે જ તેને મેળવવાની ઇચ્છા કરે છે. પૌદ્ગલિક વસ્તુઓ પર હોવાથી તેને મેળવ્યા પછી તે હંમેશને માટે રહેતી નથી, જ્યારે તેનો વિયોગ થાય છે ત્યારે માનવીને દુઃખ થાય છે અને તેવી સુખની વસ્તુ મેળવવાને ચાહના રાખે છે. આ પ્રમાણે અનુકૂળ પૌદ્ગલિક સુખના સાધન મળે છે ત્યારે માનવી પોતાને સુખી માને છે અને તેનો વિયોગ થાય છે ત્યારે માનવી-પોતાને દુઃખી માને છે, અને તેથી કરીને જડાત્મક વસ્તુની ઇચ્છા પણ નિરંતર કાયમ રહે છે. માનવીને જ્યાં સુધી અનુકૂળ પૌદ્ગલિક વસ્તુઓનો સંયોગ બન્યો રહે છે ત્યાં સુધી તેને વસ્તુઓ ઉપર રાગગર્ભિત મમતા હોય છે અને તેથી જ વસ્તુઓના રક્ષણ માટે તેને નિરંતર કાળજી રાખવી પડે છે; કારણ કે માનવીને જે વસ્તુની મમતા હોય છે તેને આધીન રહેવું પડે છે. સુખના સાધન તરીકે માનેલી જડાત્મક વસ્તુઓનો વિયોગ ન થવા દેવાને માટે અનેક જીવાનો સંહાર કરવો પડે છે તો યે તે વસ્તુઓનો છેવટે વિયોગ થાય જ છે અને જેટલો પોતાને સુખી માનતો હોય છે તેનાથી બમણો દુઃખી થાય છે.

અજ્ઞાનતાને લઇને માનવી પરાધીનતામાં સુખ અને સ્વાધીનતામાં દુઃખ માને છે, તેથી સાચા સુખથી તે વંચિત જ રહે છે માટે જ અનાદિ કાળથી મોહના દબાણને લઇને દુઃખને સુખ માની પરાધીનપણે દુઃખ ભોગવતા જડાસક્ત જીવોને સાચું સુખ મેળવવાને માટે જ્ઞાની પુરુષોએ જડ વસ્તુઓનો ત્યાગ કરવાનો ઉપદેશ આપ્યો છે. જો પથ્થરની ગાય દૂધ આપે તો જ જડ વસ્તુઓથી સુખ માની શકે માટે પૌદ્ગલિક વસ્તુઓની મમતા છોડી દઇને તેનો ત્યાગ કરવાની અત્યંત આવશ્યકતા છે. તે સિવાય તો સુખની ઇચ્છા પૂરી થઇ શકવાની નથી. પુદ્ગલાનંદી જીવોને જડાત્મક વસ્તુઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આ પર્યુષણા મહાપર્વ કઈ રીતે ઊજવશો?

## પર્યુષણા મહાપર્વનો સંદેશ.

લે.–મુનિશ્રી ન્યાયવિજયજી (ત્રિપુટી)

જૈનો, જાગો અને જુઓ, આજે ભારતમાં કઇ ક્રાન્તિનો શંખનાદ ફૂંકાઈ રહ્યો છે? મહાન્ યુગપ્રધાન કાલિકાચાર્યે સાધ્વી સરસ્વતીની રક્ષાને માટે અવન્તિપતિ ગર્દભિલ્લને કેટ-કેટલો સમજાવ્યો? કેટકેટલી લાગવગનો ઉપયોગ કર્યો. રાજાને સમજાવવા શ્રી સંઘને મોકલ્યો. અરે! પોતે પાગલ જેવા થઇ ગયા, પરન્તુ એ કામાંધ સ્વાર્થી રાજાની આંખ ન ઊઘડી તે ન જ ઊઘડી. બધી સમજાવટો અને પ્રયત્નો નિષ્ફલ ગયા. આખરે કાલિકાચાર્યે હિન્દ બહાર પગલું મૂક્યું.

વાંચકો, આ એક સાધ્વીજીના શિયલ રક્ષણ ખાતર જ હતું, એ બરાબર છે પરન્તુ ઉદ્દેશ એથી યે મહાન્ હતો. તીર્થંકરભગવંત સ્થાપિત ચતુર્વિધ શ્રી સંઘના એક ભાગ ઉપર, એક અંગ ઉપરનો હુમલો ભવિષ્યમાં કયાં અટકશે? કઇ રીતે અટકશે અને યદિ નહિ અટકે તો ભવિષ્યમાં શું પરિણામ આવશે? આજે સાધ્વીજીનું શિયલ સલામત નથી, આવતી કાલે કોનું સલામત રહેશે? અને શ્રી સંઘ–તીર્થરૂપ શ્રી સંઘના બીજા અંગોની રક્ષા કઇ રીતે થશે? આ બધો વિચાર કરીને કાલિકાચાર્ય હિન્દ

---

છોડવી ગમતી નથી કારણ કે તેઓ પરવસ્તુને છોડવામાં દુઃખ માને છે. તેમનું માનવું છે કે જેઓ ધન–સંપત્તિ, બાગ–બંગલા આદિ વસ્તુઓને છોડવાનો ઉપદેશ આપી તેનો ત્યાગ કરાવે છે તેઓ અમને સુખથી વંચિત રાખે છે. પણ સાચી રીતે વિચાર કરવામાં આવે તો તેમને જણાશે કે તેઓ ભૂલે છે. જ્યાં સુધી પરવસ્તુનો ત્યાગ કરવામાં નહિં આવે ત્યાં સુધી સ્વાધીન બની શકાય નહિં અને સ્વાધીનતા સિવાય સુખ મળી શકે જ નહિં. એટલા માટે જ્ઞાની પુરુષો સ્વાધીન બનવાને, વારંવાર જડ વસ્તુઓને છોડવાનું કહે છે. તેમનો આશય સુખથી વંચિત રાખવાનો નથી પણ દુઃખમાંથી છોડાવીને નિરંતરને માટે સુખી બનાવવાનો છે. જ્ઞાની પુરુષો જાતે અનુભવ કરીને જ કહે છે. તેમણે પર પૌદ્ગલિક વસ્તુઓ છોડીને આત્મિક સાચું સુખ મેળવ્યું છે એટલે દુઃખને સુખ માની પરિણામે દુઃખ ભોગવતા જડાસક્ત જીવોને ત્યાગનો ઉપદેશ આપી સાચા સુખનો માર્ગ બતાવ્યો છે. સાચું સુખ તે જ કહેવાય છે કે જ્યાં કોઇ પણ પ્રકારની ઇચ્છાને અવકાશ નથી અને પર વસ્તુ મેળવવાનો ત્રાસ નથી, જે સુખને માટે કોઇ પણ વસ્તુની પરાધીનતા ભોગવવી પડે છે તે સુખ નથી પણ દુઃખ છે. પર વસ્તુનો સંયોગ હોય કે ન હોય પણ બાહ્ય વૃત્તિથી કે આંતર વૃત્તિથી પરાધીનતા ભોગવવી તે જ સુખ છે, અને તે પરાધીનતાનું મૂળ કારણ મમતા છે. જ્યાં મમતા હોય છે ત્યાં પરાધીનતા અવશ્ય રહેલી જ હોય છે. બહારથી સગાં સંબંધી, ધન–સંપત્તિનો ત્યાગ કર્યો હોય પણ જો મનોવૃત્તિમાંથી મમતા ન છોડી હોય તો તે પરાધીન હોવાથી પરમ દુઃખી છે માટે તે ત્યાગી કહી શકાય નહિ, કારણ કે ત્યાગી પરાધીન હોતો નથી માટે તે સાચા સુખનો અધિકારી છે અને જે સાચું સુખ ભોગવે છે તેને મમતા અને તેથી થવાવાળી પરાધીનતા હોતી નથી જેથી કરીને તે દુઃખોથી મુકાઇ જવા સ્વરૂપ મુક્તિ મેળવીને શાશ્વત સુખનો ભોક્તા થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બહાર ગયા. ત્યાંના શક રાજાઓને પોતાને અનુકૂળ કરી ગર્દભિલ્લ ઉપર જબરજસ્ત હૂમલો કરાવી એ શેતાની રાજ્યનો અંત કરાવ્યો, સાધ્વીજીને બચાવ્યાં અને શ્રી-સંઘની ઇજ્જત-ની રક્ષા કરી. ભવિષ્યમાં કોઇ પણ રાજા, કોઈ સમ્રાટ્ કે કોઇ માંધાતા પણ જૈન સંઘના કોઇ પણ અંગની બેઅદબી ન કરે એવો પાઠ કાલિકાચાર્ય જૈન સંઘને આપતા ગયા એ આદર્શ, એ પાઠની પુનરુક્તિ કરે તેવો વિકટ, ભયંકર પ્રસંગ જૈન સંઘને માથે આવ્યો છે. ભલે આપણે રસ્તો બદલીયે. એકનું એક નિશાન સદાયે નથી ચાલતું પરન્તુ પ્રસંગની ભયંકરતા, એની વાસ્તવિકતા તો સમજવી જ જોઇએ.

ઓ વીરના સુપુત્રો, જાગો, આળસ ઉડાડો અને જુઓ, આજે આપણા સ્થાવર તીર્થ શ્રી કેસરીયાજી ઉપર કેવી ભયંકર આપત્તિઓ આવી છે. ઉદયપુર સ્ટેટમાં આવેલું ઉદયપુરથી ૪૦ માઇલ દૂર રહેલું અને મેવાડનું ગૌરવરૂપ મનાતું ધૂલેવાજી-શ્રી ઋષભદેવજી-શ્રી કેસરીયાજી તીર્થ; આજે ઉદયપુર સ્ટેટ એના ઉપર પોતાની સત્તાનો અમર્યાદિત કોરડો વીંઝી રહ્યું છે.

ઉદયપુરના મહારાણાએ એક જ કલમના ગોદે આ તીર્થ ઉપર રાજ્યની સત્તા જમાવી દઈ; એના ભંડારમાંથી **પંદર લાખ રૂપિયા** લઈ લેવાનું અને ત્યારપછી પણ દર વર્ષે મર-જીમાં આવે એટલા રૂપિયા લેવાનું નક્કી કર્યું છે.

એક ધ્વજાદંડના કેસને વર્ષો સુધી ગુપ્ત ધનની જેમ સાચવી રાખ્યો અને હવે પોતાની સત્તાનો અમર્યાદિત કોરડો વીંજવા માટે એનો ચુકાદો પ્રગટ કર્યો અને લખ્યું કે-તીર્થ અનાદિ કાલથી દિગંબરી છે કિન્તુ એની પૂજાવિધિ અન્ય હિન્દુઓ અને શ્વેતાંબર જૈનો ઈચ્છા મુજબ કરે છે.

વસ્તુસ્થિતિ આથી તદ્દન જુદી જ છે. જે મેવાડના મહારાણાઓએ જૈન સંઘના મહાન્ આચાર્ય **શ્રીજગચ્ચંદ્રસૂરિજીને-'મહાતપા'**-ના ગૌરવવંતા બિરુદથી શોભાવ્યા હતા, એ જ જગચ્ચંદ્રસૂરિજીના હાથે આ ધૂલેવાજીની મૂર્તિ-શ્રી ઋષભદેવજીની મૂર્તિની સ્થાપના થઇ છે. મહાન્ આચાર્યશ્રીના હાથથી આ મૂર્તિ પ્રતિષ્ઠિત થઇ હોવાથી મહાચમત્કારી અને પ્રભાવવંતી છે, જેથી જૈન કે જૈનેતરો પણ ભક્તિથી પ્રભુને નમે છે. બાધા-આખડી રાખે છે અને કેસર વગેરે ચઢાવે છે. **શ્રી કેસરીયાજી નામ** જ એ સૂચવે કે તીર્થ શ્વેતાંબરોનું છે. એ પ્રદેશના ભિલ્લો જે કેસર વગેરે ચઢાવતા તે પણ શ્વેતાંબર વિધિથી જ ચઢાવતા હતા. અજૈનો તો પૂજા કરવા આવતા જ નહોતા. ધૂલેવા ગામમાં જે પંડ્યાઓ રહેતા, તે તીર્થમાં ભક્તિ અને સેવાને બહાને જ રહેતા, ત્યાં આવતા જૈન યાત્રિકોને બધી સગવડ પૂરી પાડતા અને બદલામાં ભાવિક જૈનો જે કાંઇ આપે તે લઇ સંતોષ માનતા હતા.

પછી એ જ પંડ્યાઓએ પોતાની અનુકૂલતા ખાતર ધીમે ધીમે પોતાના ધાર્મિક ગ્રંથો વાંચવાનું શરૂ કર્યું અને રાજ્યની અનુકૂલતાનો લાભ લઈ પગપેસારો શરૂ કર્યો છતાં શ્રી કેસરીયાજી તીર્થનો વહીવટ શ્રી શ્વેતાંબર સંઘ કમિટીદ્વારા થતો હતો ત્યાં સુધી તો પંડ્યાઓ પણ એ કમિટીના આદેશાનુસાર જ કામ કરતા પરંતુ ધ્વજાદંડના નિમિત્તે શ્રી કેસરીયાજી તીર્થ પ્રકરણ જાગ્યું અને રાજ્યે એમાં દખલગીરી કરી નવી કમિટી સ્થાપી ત્યારથી પંડ્યાઓનું જોર વધતું જ ગયું છે. શ્વેતાંબર જૈનોની પ્રભુ-પૂજા વગેરેની બોલીદ્વારા આવતી ઉપજ ઉપર પણ તેમણે હક્ક જમાવવા માંડયો હતો, પરંતુ એમાં તો ન ફાવ્યા. ભંડાર ઉપરની વસ્તુઓ લેવા માંડી તેમજ અત્યારે જે યાત્રિક પ્રભુજીને અભિષેક માટે દૂધ, દીપક માટે ઘૃત અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂજા માટે કેસરફૂલ વગેરે આપે છે તે પણ પંડ્યાઓને રાજ્યે આપવા માંડયું છે. હમણા જ મંદસોરથી પ્રગટ થતાં '**ધ્વજ**' પત્રમાં જે સમાચાર આવ્યા છે એ તો બહુ જ ચોંકાવનારા છે. પ્રભુની આંગી નિમિત્તે અપાતા રૂપિયાની પણ દેવસ્થાન કમિટી પહોંચ નથી આપતી; એના નકરાનિમિત્તના જમા થતા રૂપિયાની પહોંચ આપતાં પણ આનાકાની કરે છે. એટલે આજે તો '**કામદુધા**' જેવા આ મહાન્ તીર્થને ઉદયપુર સ્ટેટ હજમ કરી જવા માંગે છે.

ભંડારમાં રહેલા લાખો રૂપિયા ઉપર ઉદયપુર સ્ટેટની નજર પડી છે. ઉદયપુર સ્ટેટના નવવિધાનના રચનારાઓની નજર આ ભંડાર ઉપર પડી છે અને એની મિલકત ઉપર કલમના ગોદે લૂંટ ચલાવવાની તરકીબો યોજાઇ છે. જે ઉદયપુર સ્ટેટના પૂર્વજો "**હિન્દુ કુલ-સૂર્ય**"નું ગૌરવવંતું બિરુદ ધરાવતા તેના જ સંતાન આજના ઉદયપુરના મહારાણા શ્રીમાન્ ભૂપાલસિંહજી; એમના રાજ્યમાં રહેલા આ હિન્દુ મંદિરને કઇ રીતે લૂંટવા તૈયાર થયા છે એ સમજમાં નથી આવતું. મેવાડના એ સૂર્યવંશી સીસોદીયા મહારાણાઓના પૂર્વજો હિન્દુધર્મના રક્ષણ ખાતર, હિન્દુવટની રક્ષા ખાતર જીવનનાં બલિદાન આપતાં, હજારો બત્રીશ-લક્ષણાઓને હોમી દેતા, અરે ! સમય આવ્યે રાજ્યપાટ ત્યજી દઇ વનના અતિથિ બનતા હતા એમના જ વંશજ વર્તમાન મહારાણાજી એમના જ રાજ્યમાં રહેલા આ પ્રતાપી તીર્થને, એના તીર્થધનને કઇ રીતે લેવા લલચાયા છે એ સમજમાં નથી આવતું.

કહે છે કે–મેવાડને પોતાના પ્રશ્નો છે, પણ એની કોણે ના પાડી છે ? કહે છે કે–મેવાડમાં અનેક દેવસ્થાનો, સદાવ્રતો અને ધર્મસ્થાનો છે માટે મેવાડ તીર્થભૂમિ છે. આ વાત તદ્દન સત્ય છે કિન્તુ એ ધર્મસ્થાનો અને દેવસ્થાનોથી જ મેવાડના ગૌરવને ખંડિત કરવાનું, એ ગૌરવને ક્ષતિ પહોંચાડવાનું મહારાણાજીને કેમ ગમ્યું ? એ સલાહ કેમ ગમી ? શું મેવાડનાં આ ધર્મસ્થાનો અને તીર્થસ્થાનો લૂંટી લેવાથી સ્ટેટનું ગૌરવ વધશે કે ઘટશે ?

કહે છે કે–ઉદયપુર સ્ટેટને એવાં સ્વપ્નો આવ્યાં છે કે–આ તીર્થભૂમિને વિદ્યાભૂમિ પણ બનાવવી. અને એનો ખર્ચ તીર્થસ્થાનોમાંથી લેવો, પરન્તુ મહારાણાજી એટલું યાદ રાખે કે મેવાડનાં ઘણાં તીર્થસ્થાનો તો બહારના યાત્રિકોની આવક ઉપર જ નભે છે. બહારના યાત્રિકોની આવકથી જ તીર્થનું ગૌરવ છે અને તીર્થનો ભંડાર ભરાયેલો રહે છે.

એમાંયે શ્રી કેસરીયાજી તીર્થનો દેવસ્થાન ભંડાર તો જૈન સંઘની મિલ્કત છે. ઉદાર ધર્મશીલ અને શ્રદ્ધાળુ જૈનોએ પોતાના પરસેવાની લક્ષ્મી, ભકિત અને શ્રદ્ધાથી આપેલી છે. એટલે સ્ટેટનો આ તીર્થ ઉપર કોઇપણ હક્ક જ નથી, અને જો તીર્થ સ્ટેટનું જ હોય તો પણ એને દાન અપાયેલી મિલ્કત ઉપર સ્ટેટનો હક્ક પણ લાગી શકે જ નહિં. એક હિન્દુ મહારાજા પોતાના પૂર્વજોએ આપેલી મિલ્કત ઉપર કલમના ગોદે જ માલીક થઇ બેઠા હોય, કે તીર્થના માલીક થવાનો પ્રયત્ન કરતા હોય તો હિન્દના ઇતિહાસના પાને આ પ્રથમ જ પ્રસંગ છે.

જે સ્ટેટ નવા વિધાન અનુસાર પોતાના રાજ્યમાં લોકશાહી–પ્રજાશાહી સ્થાપવા માગે છે તે સ્ટેટ પ્રજાને જાણ પણ કર્યા વગર પ્રજાની સમ્મતિ કે અસમ્મતિની પરવા રાખ્યા વગર દેવસ્થાનોની મિલ્કતને કલમને ગોદે લૂંટી લ્યે એ કઇ જાતની લોકશાહી કે પ્રજાશાહી છે એ સમજાતું જ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉદયપુર સ્ટેટના આ અન્યાયી, આપખુદી-ભર્યાં અને જોહુકમીભર્યાં પગલાં સામે જૈન સંઘનું–હિન્દના સમસ્ત જૈન સંઘનું પણ મહાકર્ત્તવ્ય છે. તીર્થની રક્ષા કરવી એ દરેકે-દરેક જૈનની ફરજ છે. જંગમ તીર્થની રક્ષા માટે શ્રી કાલિકાચાર્યનું દૃષ્ટાંત આપણે ઉપર વાંચી ગયા, હવે સ્થાવરતીર્થની રક્ષા માટે જૈન સંઘ શું કરશે ?

પર્યુષણા મહાપર્વ આપણને સંદેશો આપે છે: આત્મશુદ્ધિ અને મૈત્રી ભાવના પણ એ આત્મશુદ્ધિ, એ સંઘરક્ષા, તીર્થરક્ષા અને ધર્મરક્ષામાં ઉપયોગી થાય તો જ એ વાસ્ત-વિક આત્મશુદ્ધિની નિશાની છે. પર્યુષણા મહાપર્વના કર્ત્તવ્યોમાં આવતાં વાર્ષિક કર્તવ્યોમાં તીર્થયાત્રા, સંઘવાત્સલ્ય અને ચૈત્ય-પરિપાટી આપણે સાંભળીએ છીએ. આપણી તીર્થયાત્રા, સંઘવાત્સલ્ય અને ચૈત્યપરિપાટી સફલતાની અત્યારે પરીક્ષા છે. આપણે દર વર્ષે પર્યુષણમાં કર્તવ્યનો સંદેશ સાંભળીએ છીએ. એને અમલમાં મૂકવાનો, એ સંદેશને જીવંત બનાવવાનો અને જીવંત ધર્મ બનાવવાનો કપરો પ્રસંગ આપણી સમક્ષ ઉપસ્થિત થયો છે. હિન્દભરનો જૈન સંઘ આજે શું કરવા તૈયાર છે ? કેટલું કરવા તૈયાર છે ?

ઓછામાં ઓછું આટલું કરશો તો તો આપણા પર્યુષણપર્વ ઊજવ્યાં સફલ–સાર્થક છે. પર્યુષણા મહાપર્વનો સાંભળેલો સંદેશો તો જ સફલ થશે.

## આટલું કરજો.

૧ જ્યાં સુધી શ્રી કેસરીયાજી તીર્થનો વહીવટ જૈન સંઘને કે જૈન સંઘની કમિટીને ન સોંપાય અથવા તો એની દેખરેખ નીચે ન રહે ત્યાં સુધી શ્રી કેસરીયાજી તીર્થની યાત્રાનો ત્યાગ કરવો.

૨ જ્યાં સુધી તીર્થ જૈન સંઘનું ન બને ત્યાં સુધી તીર્થમાં એક પાઇ પણ કોઈએ ન આપવી–ન ભરાવવી. ત્યાંના પંડ્યાઓને પણ કશું ન આપવું તેમજ કોઇ પણ ખાતાનું કામ પંડ્યાને ન જ સોંપવું.

૩ શ્રી કેસરીયાજી તીર્થ નિમિત્તે એકત્ર થયેલું ધાર્મિક ફંડ કે રકમ જીર્ણોદ્ધારમાં, બીજા તીર્થસ્થાનમાં ખર્ચવી પરન્તુ ધૂલેવાજી-કેસરીયાજીમાં ન મોકલવી.

૪ હિન્દભરના સમસ્ત જૈન સંઘોએ સભાઓ ભરી, લોકમત જાગૃત કરી, ગામેગામથી સ્ટેટના આ પગલા વિરુદ્ધ ઠરાવો ઘડી ઉદયપુર સ્ટેટને, હિન્દની લોકસભાને અને ઉદયપુર પ્રજાપરિ-ષદ ઉપર મોકલવા તેમજ જૈનેતર પ્રજામત પણ કેળવી ગામેગામથી રાજ્ય વિરુદ્ધ ઠરાવો કરાવી ઉદયપુર મહારાણા ઉપર એમના અન્યાયી પગલાંને પાછા ખેંચવા આગ્રહ કરાવવો.

૫ દરેક જાહેર પેપરોમાં જૈન તીર્થ ઉપરના અન્યાયી હુકમના વિરોધદર્શક લેખો આપવા.

૬ હિન્દભરનાં જૈન તીર્થોનું પ્રતિનિધિત્વ ધરાવતી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને–તેના કાર્યવાહકોને શ્રી કેસરીયાજી તીર્થના પ્રશ્નને પોતાના હાથમાં લઇ બનતી વ્યવસ્થા કરવા સમજાવવા.

૭ જ્યાં સુધી તીર્થ સ્વતંત્ર ન થાય અને સ્ટેટે લેવા ધારેલી રકમ રોકાય નહિં ત્યાં સુધી અમુક તિથિયે વ્રત–આયંબિલ–ઉપવાસ કે એકાસણું આદિ કરવું. તે દિવસે શુદ્ધ બ્રહ્મ-ચર્ય પાળવું, વ્યાપાર–ધંધો બંધ રાખી, સભા ભરી સ્ટેટના અન્યાય વિરુદ્ધ ઠરાવો કરવા.

૮ ઉદયપુર સ્ટેટના જૈન સંઘે જાગૃત થઇ સ્ટેટને પોતાનો મજબૂત વિરોધ બતાવવાની જરૂર છે અને સમય આવ્યે મેવાડનો જૈન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંઘ મેવાડ સ્ટેટ છોડીને અન્યત્ર ચાલ્યો જશે, એ જણાવી દેવું. ઉદયપુર સ્ટેટની જનતાએ પણ પોતાના પાડોશીઓ સાથે પાડોશી ધર્મ બજાવવાની એટલી જ જરૂર છે. આજે એમનો વારો છે, કાલે તમારો વારો આવશે તે ન ભૂલશો.

૯ દરેક જૈન સાધુ મહાત્માઓએ એક-દિલીથી આ પ્રશ્નને અપનાવી લઇ, દરરોજ વ્યાખ્યાનમાં આ વિષય જુદી જુદી રીતે ચર્ચી જૈન સંઘને જાગૃત રાખવા; એ નિમિત્તે વ્રત પચ્ચખાણ કરવા કરાવવા પ્રયત્નશીલ થવું અને તીર્થરક્ષા માટે બનતું બધું કરવાની પ્રતિજ્ઞા લેવી.

મને એમ લાગે છે કે–આટલું આ પર્યુષણાપર્વમાં કરીએ તો પર્યુષણ પર્વનો સંદેશ આપણા માટે જરૂર સફળ લેખાશે.

પણ આ માટે જરૂર પડશે ઐક્યની, સહકારની અને સંગઠ્ઠનની. જેમ આત્માની મુકિત માટે દર્શન, જ્ઞાન, ચારિત્રની અનિવાર્ય આવશ્યકતા છે, તેમ જૈન સંઘના તીર્થના રક્ષણ માટે, આઝાદી માટે ઐક્ય, સહકાર અને સંગઠ્ઠનની પણ એટલી જ જરૂર છે.

ઓ વીરના સુપુત્રો ! જાગજો. પર્યુષણાપર્વ આવશે અને જશે પરંતુ આગામી વર્ષના કઠિન કર્તવ્યપથનું નિદર્શન આપતું જશે. તમે એને જીવનમાં–આચારમાં કેટલું ઉતારશો એ ભાવિના ઇતિહાસમાં લખાશે. પૂજ્ય આચાર્યદેવો, પૂજ્ય સાધુગણ અને શ્રી સંઘ એકવીસમી સદીના આ ઉષઃકાલમાં આવેલી આપત્તિ–આવેલા સંકટને ટાળવા, તીર્થરક્ષા કરવા અને ભાવી હિંદના આઝાદીના ઇતિહાસમાં આ પ્રકરણ શાંતિ, ધીરજ, કુનેહ, શ્રદ્ધા અને સંગઠ્ઠનથી ઉકેલાયાના સુવર્ણાક્ષરો આલેખાય તેવું કરી જજો. બસ આ છે પર્યુષણા મહાપર્વનો સંદેશ.

ॐ शांतिः शांतिः शांतिः

# વર્તમાન સમાચાર.

## આનંદજનક સમાચાર.

આ સભાના માનવંતા પેટ્રન, ધી ક્રાઉન લાઇફ ઇન્સ્યુરન્સ કંપનીનાં ડેપ્યુટી મેનેજર દાનવીર શ્રીયુત ચંદુલાલ ટી. શાહને આઝાદ દિન તા. ૧૫–૮–૧૯૪૮ દિવસે તેમની રાષ્ટ્રીય અને સામાજિક સેવાની કદર કરી નામદાર રાષ્ટ્રીય સરકારે **"જસ્ટીસ ઓફ ધી પીસ"**ની પદવી અને **ઓનરરી પ્રેસીડેન્સી** મેજીસ્ટ્રેટ તરીકે નિમણુંક કરી છે, જે માટે આ સભા પોતાનો હાર્દિક આનંદ વ્યક્ત કરે છે.

ભાઇ શ્રી ચંદુલાલભાઇ એક રાષ્ટ્રીય સેવક, શિક્ષણપ્રિય પુરુષ અને ધર્મશ્રદ્ધાળુ નરરત્ન છે જેથી એ ત્રણે કાર્યોમાં અનેક છુપી સખાવતો કર્યે જાય છે. જૈન સમાજનું એક છુપું રત્ન છે. તેઓ દીર્ઘાયુ થઇ શારીરિક, આધ્યાત્મિક, આર્થિક લક્ષ્મી વિશેષ વિશેષ પ્રાપ્ત કરી ધાર્મિક, સામાજિક, રાષ્ટ્રીય અનેક ખાતાઓમાં મળતી સુકૃત લક્ષ્મીવડે સખાવતો કરે એમ આ સભા પરમાત્માની પ્રાર્થના કરે છે.

## આભાર.

લીંબડીનિવાસી શેઠ ભગવાનલાલ હરખચંદ તરફથી રૂા. ૫૧) સભાને યોગ્ય લાગે તે ખાતામાં વાપરવા માટે મળ્યા છે તે માટે સભા તેઓશ્રીનો અંતઃકરણપૂર્વક આભાર માને છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારૂં નવું પ્રકાશન.

## ૧ શ્રી દ્વાદશાર નયચક્રસાર-ગ્રંથ ( મૂળ ટીકા સાથે )

તાર્કિક શિરોમણિ, નયવાદપારંગતવાદિપ્રભાવક **આચાર્યશ્રી મલ્લવાદિ** ક્ષમાશ્રમણ વિરચિત મૂળ અને ટીકાના પ્રણેતા સમર્થ તાર્કિક આચાર્યશ્રી **સિંહસૂરગણિ** ક્ષમાશ્રમણ એકંદરે સ્વપર વાઙ્મય વિષયક પાંડિત્યના ક્ષેત્રમાં કેવું વિશાલ પ્રભુત્વ ધરાવતા હતા ? તે આ અપૂર્વ ગ્રંથ બતાવે છે; તેમજ આ ગ્રંથના પ્રકાશનથી વિદ્યમાન-અવિદ્યમાન ભારતીય આર્યદાર્શનિક સાહિત્ય અને તેને લગતા ઇતિહાસ ઉપર વિશિષ્ટ પ્રકારે પ્રકાશ પાડતો આ નયનો અઢારહજાર શ્લોક પ્રમાણ અપૂર્વ ગ્રંથ છે. કે જે વિદ્વાનો, સાહિત્યક્ષેત્રમાં રસ ધરાવનાર આમજનતાને પણ રસપ્રદ બનશે. આ માસિકમાં આવતી લેખમાળા અને વિશિષ્ટ સંશોધન અને સંપાદનને લગતો સર્વ વિભાગ શાન્તમૂર્તિ આચાર્ય ભગવાન **શ્રી સિદ્ધિસૂરિશ્વરજી**ના વિદ્વાન શિષ્ય આચાર્યશ્રી વિજયમેઘસૂરીશ્વરજીના મહાનુભાવ શિષ્ય શ્રી ભુવનવિજયજીના વિદ્વાન શિષ્ય મુનિવરશ્રી **જંબૂવિજયજી** મહારાજે આ સભા ઉપર કૃપા કરી તે ભાર સ્વીકારી લીધો છે. આ અંકમાં તેમજ હવે પછીના માસિકમાં તે માટેના લેખો આવે તે વાંચવા જૈન બંધુઓ બ્હેનોને નમ્ર સુચના છે. જેમ બને તેમ વેળાસર અમારા તરફથી છપાવવાનું કામ શરૂ થશે.

---

## ૨ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર. ( છપાય છે. )

શ્રીમાન્ દેવભદ્રાચાર્યકૃત ૧૧૦૦૦ હજાર શ્લોકપ્રમાણ, પ્રાકૃત ભાષામાં, બારમા સૈકામાં રચેલો તેનું આ ભાષાંતર છપાય છે. આ ચરિત્ર ગ્રંથકર્તા આચાર્ય મહારાજની વિદ્વત્તાપૂર્ણ સુંદર, અનુપમ, અલૌકિક રચના છે. આટલો મ્હોટો શ્રી પાર્શ્વનાથ ચરિત્ર ગ્રંથ બીજો નથી. તેમ આવી મહત્વપૂર્ણ ચરિત્ર રચના ભાગ્યેજ બીજા ગ્રંથમાં હશે. પ્રભુના ભવોના વિસ્તૃત વર્ણન સાથે, પ્રભુના દશ ગણધરોના પૂર્વભવોના ચરિત્રો સાથે આપવામાં આવેલ છે. સાથે અનેક અંતર્ગત કથાઓ અને ઘણું જાણવા યોગ્ય વિવિધ વિષયો પણ આપેલાં છે. આ એક અપૂર્વ કૃતિ છે. ૬૫ ફોર્મ સાડા પાંચસેં હ પૃષ્ઠ, અને આકર્ષક કળાની દૃષ્ટિએ તૈયાર કરાવેલ અનેક રંગીન ચિત્રો, મજબુત બાઇન્ડીંગવડે તૈયાર થાય છે.

---

## ૩ મહાસતી શ્રી દમયંતી ચરિત્ર. ( છપાય છે. )

### શ્રી માણિકચદેવસૂરિ વિરચિત મૂળ ઉપરથી અનુવાદ.

પૂર્વનો પૂણ્યયોગ અને શીલનું માહત્મ્ય સતી શ્રીદમયંતીમાં અસાધારણ હતું તેનો શુદ્ધ અને સરળ ભાષામાં અનુવાદ કરાવી અમારા તરફથી પ્રકાશનનું કાર્ય શરૂ કરેલ છે. આ અનુપમ રચનામાં મહાસતી દમયંતીના અસાધારણ શીલ મહાત્મ્યના પ્રભાવવડેના ચમત્કારિક અનેક પ્રસંગો, વર્ણનો આવેલ છે, સાથે નળરાજા પ્રત્યે અપૂર્વ પતિભક્તિ, સતી દમયંતી સાસરે સીધાવતાં માબાપે આપેલી સોનેરી શિખામણો, જુગારથી થતી ખાનાખરાબી, ધૂર્ત જનની ધૂર્તતા, પ્રતિજ્ઞાપાલન, દમયંતીના ધર્મો, રાજ્યનીતિ, વન નિવાસના વખતે, આવતા સુખ દુઃખો વખતે ધીરજ, શાંતિ અને અનુભવ મેળવવાની ભાવભરીત નોંધ, તેમજ પુણ્યશ્લોક નળરાજાના પૂર્વના અસાધારણ મ્હોટા પુણ્યબંધના યોગે તેજ ભવમાં તેમના માહાત્મ્ય, મહિમા, તેમના નામ સ્મરણથી મનુષ્યોને થતા લાભો વગેરેનું અદ્ભુત પઠન પાઠન કરવા જેવું વર્ણન આચાર્ય મહારાજે આ ગ્રંથમાં આપ્યું છે. બીજી અંતર્ગત સુબોધક કથાઓ પણ આપવામાં આવેલી છે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

( યોજનામાં )

૧ શ્રી શ્રેયાંસનાથ પ્રભુ ચરિત્ર. ૨ શ્રી સુમતિનાથ પ્રભુ ચરિત્ર અને ૩ કથારત્નકોષ ભાષાંતરો થાય છે. નં. ૧–૨–૩ માં આર્થિક સહાયની અપેક્ષા છે.

તૈયાર છે.

## દેવસી–રાઇ (બે) પ્રતિક્રમણાદિ મૂળ સૂત્રો.

સૂત્રોની સંક્ષિપ્ત સમજ સાથે.

હાલ અમારા તરફથી ઉપરોક્ત દેવસી–રાઇ પ્રતિક્રમણ સૂત્રની બુક પ્રગટ કરવામાં આવી છે. નિરંતરની શ્રાવક–શ્રાવિકા માટેની આ આવશ્યક ક્રિયા હોવાથી આવી સખ્ત મોંઘવારી હોવા છતાં અમારા ઉપર ઘણી માગણી આવવાથી ઉંચા કાગળો ઉપર સુંદર મ્હોટા ગુજરાતી ટાઇપમાં છપાવી પ્રસિદ્ધ કરેલ છે. કિંમત માત્ર રૂા. ૦–૮–૦ આઠ આના પોસ્ટેજ જુદું.

જૈન કન્યાશાળા, પાઠશાળાઓએ આ લાભ સત્વર લેવાની જરૂર છે. સામટી નકલ લેનાર ધાર્મિક સંસ્થાને યોગ્ય કમીશન આપવામાં આવશે.

## શ્રીમાન્ હરિભદ્રસૂરિ વિરચિત શ્રી ધર્મબિંદુ ગ્રંથ.

( મૂળ અને મૂલ ટીકાનાં શુદ્ધ સરલ ગુજરાતી ભાષાંતર સહિત. )

આ ગ્રંથના મૂળ કર્ત્તા મહાનુભાવ શ્રી હરિભદ્રસૂરિ કે જેઓ જૈન ઇતિહાસમાં સુપ્રસિદ્ધ છે, શ્રી મહાનુભાવ ગ્રંથકારે મુનિઓ અને ગૃહસ્થોના સાધારણ અને વિશેષ ધર્મો, મોક્ષનું સ્વરૂપ અને તેના અધિકારી વગેરે વિષયો બતાવવાને માટે આ ઉપયોગી ગ્રંથની યોજના કરી છે, અને તેની અંદર તેનું વિવેચન કરી સારી રીતે સમજાવ્યું છે.

આ પ્રમાણે ગૃહસ્થ અને યતિ ધર્મને વિસ્તારપૂર્વક પ્રતિપાદન કરનાર આ ગ્રંથ છે. જે વાચક જૈન ધર્મના આચાર, વર્તન, નીતિ, વિવેક અનેક વિષયના શુદ્ધ સ્વરૂપ સાથે તત્ત્વોના રહસ્યોને સારી રીતે સમજી શકે છે. મુનિ અને ગૃહસ્થ આ ગ્રંથને આદ્યંત વાંચે તો સ્વધર્મસ્વકર્તવ્યના યથાર્થ સ્વરૂપને જાણી પોતાની મનોવૃત્તિને ધર્મરૂપ કલ્પવૃક્ષની શીતળ છાયાની આશ્રિત કરી અનુપમ આનંદના સંપાદક બને છે.

આ ગ્રંથની આ બીજી આવૃતિ છે. સુમારે ચારસેંહ પાનાના આ ગ્રંથની કીંમત માત્ર રૂા. ૨–૦–૦

## ॥ જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્ય સંચય. ॥

( સંગ્રાહક અને સંપાદક શ્રી જિનવિજયજી સાહેબ, આચાર્ય ગુજરાત પુરાતત્ત્વ મંદિર. )

શ્રી જૈન શાસનની ઉન્નતિ કરનારા આચાર્યો, સાધુઓ, સાધ્વીઓ અને ગૃહસ્થોના જીવનચરિત્ર સારભને પ્રસરાવનારા પ્રાચીન ગુજરાતી ભાષામાં રચાયેલ પ્રમાણિક ઐતિહાસિક પ્રબંધો, કાવ્યો અને રાસોનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલો છે. આ ગ્રંથમાં એકત્રીશ વ્યક્તિના તેત્રીશ કાવ્યોનો સંચય ગુજરાતી રાસોનું સશોધન કાર્ય સંપાદક મહાશય અને અન્ય સાક્ષરોએ કરેલ છે.

તેનો રચના કાળ ચૌદમાં સૈકાથી પ્રારંભી અઢારમા સૈકાના પ્રથમ ચરણસુધી સાડાચાર સૈકાનો છે, તે સૈકાઓનું ભાષા સ્વરૂપ, ધાર્મિક સમાજ રાજકીય વ્યવસ્થા, રીત રીવાજો, આચાર વિચાર અને તે સમયના લોકોની ગતિનું લક્ષબિંદુ એ દરેકને લગતી સત્ય પ્રમાણિક બધી માહિતિઓ આ ગ્રંથમાં આપવામાં આવેલી છે.

આ ગ્રંથમાં કાવ્યો તથા રાસોનો ગુજરાતી ભાષામાં સાર, કર્તા મહાશયો કયા કયા ગચ્છના હતા, તે તે ગચ્છોના નામો, ગૃહસ્થોના નામો, તમામ મહાશયોના સ્થળો, સંવત સાથે આપી આ કાવ્ય સાહિત્યની સુંદર અને સરલ ઉપયોગી રચના બનાવી છે. ૫૦૦ પાંચસો પાના કરતાં વધારે છે. કિંમત રૂા. ૨–૧૨–૦ પોસ્ટેજ અલગ.

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only